
# આત્મધર્મ



દ્રવ્ય–ધ્રુવ અને પર્યાય એ બે સત્તા–અંશ ભિન્ન છે. માટે, ધ્રુવ છે તે વીતરાગી પર્યાયનો પણ કર્તા નથી. આસ્રવતત્ત્વ ભિન્ન છે માટે ચૈતન્યતત્ત્વ તેનો કર્તા નથી તેમ દ્રવ્યનો ધ્રુવ અંશ દ્રવ્યના પર્યાય-અંશનો કર્તા નથી. *આહાહા! આ રીતે* વીતરાગી પર્યાયનો પણ આત્મા કર્તા નથી.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ યોગ પરાયણ (ધ્યાનમાં લીન) યોગી, આ શું છે? કેવું છે? કોનું છે? શાથી છે? ક્યાં છે? ઈત્યાદિ ભેદરૂપ વિકલ્પો નહિ કરતો થકો પોતાના શરીરને પણ જાણતો નથી (-તેને પોતાના શરીરનો પણ ખ્યાલ રહેતો નથી). ૯૨૧

*(શ્રી પૂજ્યપાદસ્વામી, ઈષ્ટોપદેશ, ગાથા-૪૨)*

❀ શુદ્ધ આત્મસ્વભાવકે પ્રકાશકી ટંકાર જયવંત હો જિસસે રાગાદિ પરભાવ છિદ જાતે હૈં ઔર શરીર ભી ગલ જાતા હૈ, વિષયોંકા રાગ ચૂર્ણ હો જાતા હૈ ઔર પ્રસંશનીય ક્ષાયિક સમ્યગ્દર્શન તથા ક્ષાયિકચારિત્ર પ્રગટ હો જાતા હૈ. ૯૨૨

*(શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૫૭૫)*

❀ જે શ્રમણ ગુણે હીન હોવા છતાં 'હું પણ શ્રમણ છું' એમ માનીને અર્થાત્ ગર્વ કરીને ગુણે અધિક (શ્રમણ) પાસેથી વિનય ઈચ્છે છે તે અનંત સંસારી થાય છે. ૯૩૩.

*(શ્રી કુંદકુંદ આચાર્ય, પ્રવચનસાર, ગાથા-૨૬૬)*

❀ હે મૂઢ જીવ! તું અહીં અલ્પ દુ:ખને પણ સહન કરી શકતો નથી તો વિચાર તો ખરો કે ચારગતિના ભયંકર દુ:ખોના કારણભૂત કર્મોને તું શા માટે કરે છે? ૯૨૪.

*(શ્રી યોગીન્દુદેવ, પરમાત્મપ્રકાશ, અધિકાર-૨, ગા-૧૨૦)*

❀ જૈસા કારણ હોતા હૈ વૈસે કાર્યકી ઉત્પત્તિ હોતી હૈ. સમ્યગ્દૃષ્ટિ હી અપને શુદ્ધોપયોગકે અભ્યાસસે અનંત દર્શનકો પ્રકાશ કર સકતા હૈ. શુદ્ધાત્માકે અનુભવસે હી અપના ઈષ્ટ કેવલજ્ઞાન સ્વરૂપ આત્મા હો જાતા હૈં વ આત્માકે અહિતકારી કર્મોકા ક્ષય હો જાતા હૈ. ૯૨૫.

*(શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૫૩૫)*

❀ આ મારું અનિષ્ટ અથવા ઈષ્ટ ચિંતન કરે છે, એ બુદ્ધિ-વિચાર નિરર્થક છે. (કેમ કે) બીજાની ચિંતાથી બીજો પીડિત કે પાલિત થતો નથી. ૯૨૬.

*(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત,*
*સંવર અધિકાર, ગાથા-૩૪)*

❀ ❀ ❀

કહાન
સંવત-૨૫
વર્ષ-૬૨
અંક-૯-૧૦
[૭૫૦-૭૫૧]




વીર
સંવત
૨૫૩૨
સં. ૨૦૬૨
April-May
A.D. 2006

# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## ક્રમબદ્ધ પર્યાય અને પુરુષાર્થ

[શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન નં-૧૭૪]

આ, શ્રી નિયમસારમાં મોક્ષમાર્ગનો અધિકાર ચાલે છે. આ અધિકારનું નામ શુદ્ધભાવ અધિકાર છે. તેનો અર્થ શું છે?–કે એક સમયમાં પૂર્ણ શુદ્ધ જ્ઞાયકભાવ છે તેને અહીં શુદ્ધભાવ કહેવામાં આવે છે. આ શુદ્ધભાવમાં ચાર વિભાવસ્વભાવનો અભાવ છે. તે આ ૪૧મી ગાથામાં કહેલ છે.

ચાર વિભાવસ્વભાવોનાં (વિશેષભાવોના) સ્વરૂપકથન દ્વારા પંચમભાવના સ્વરૂપનું આ કથન છે.

કર્મોનાં ક્ષયના સદ્ભાવમાં જે ભાવ હોય તે ક્ષાયિકભાવ છે. તેનો અર્થ નીચે (ફુટનોટમાં) આપ્યો છે. વ્યવહારે કર્મોના ક્ષયની અપેક્ષા જીવના જે ભાવમાં આવે તે ક્ષાયિકભાવ છે. જ્યારે જીવ પોતાના સ્વભાવના આશ્રયે ક્ષાયિકભાવ પ્રગટ કરે છે તે સમયે કર્મોનો ક્ષય થઈ જાય છે. ક્ષાયિકભાવ એટલે કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિક સમકિત, ક્ષાયિક ચારિત્ર આદિ નવ પ્રકારના ક્ષાયિકભાવ કહ્યાં છે. આ નવપ્રકારની જે ક્ષાયિકદશા છે તે પર્યાયમાં છે, દ્રવ્યમાં નથી.

શ્રોતા :—પર્યાય દ્રવ્યમાં ન હોય તો ક્યાં હોય?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પર્યાય પરિણમતાં દ્રવ્યમાં હોય, સામાન્ય દ્રવ્યમાં ન હોય.

કોઈ ભાઈનો પ્રશ્ન હતો કે અમે ૨૦ દિવસ સવારે બપોરે પ્રવચન સાંભળ્યાં પણ

ક્રમબદ્ધની કાંઈ વાત ન આવી. તેથી અહીં આપણે થોડી વાત લઈએ છીએ. ઉપાદાન-નિમિત્ત અને ક્રમબદ્ધની વાત આવી જ નહિ એમ કહેતા હતાં. તો આ ગાથાની થોડી વાત લઈને પછી ક્રમબદ્ધની લેશું.

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યધાતુ પરમપારિણામિકસ્વભાવરૂપ આત્મા તે શુદ્ધભાવ છે. તેના આશ્રયે ક્ષાયિકભાવની પર્યાય ઉત્પન્ન થાય છે પણ તે પર્યાય શુદ્ધભાવની અંદર નથી.

આ તો ઊંડી વાત છે. ઉપરથી સાંભળીને કોઈને પત્તો લાગી જાય એવી વાત નથી.

ભગવાન આત્મા એક સમયમાં એવા શુદ્ધ ચૈતન્યના રસથી ભરપૂર પડ્યો છે કે "કહે વિચક્ષણ પુરુષ સદા મૈં એક હૂં, અપને રસસે ભર્યો, અનાદિ ટેક હૂં" બનારસીદાસજીએ નાટક સમયસારમાં આ કહ્યું છે કે જ્ઞાની આમ અનુભવે છે કે હું અનાદિથી જ અનંત આનંદ-જ્ઞાનાદિ પૂર્ણસ્વભાવથી ભરેલો છું. રસ એટલે સ્વભાવ-શક્તિ-ભાવ-સત્ત્વ. હું અનાદિથી મારા સ્વભાવસત્ત્વથી એકરૂપ ભરેલો પડ્યો છું.

'મોહકર્મ મમ નાહિ...નાહિ, ભ્રમકૂપ હૈ,
શુદ્ધ ચેતનાસિંધુ હમારો રૂપ હૈ.'

ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક આ ચાર અવસ્થારૂપ ભાવ છે તે ત્રિકાળી સ્વભાવ નથી. માટે તે મુક્તિનું કારણ નથી. મુક્તિનું કારણ તો ત્રિકાળીભાવ છે. કેવળજ્ઞાન પ્રગટ થાય તોપણ એ વિશેષભાવ છે, સામાન્યભાવ નથી. કેવળજ્ઞાનમાં ત્રણકાળ, ત્રણલોક એક સમયમાં જણાય છે તેથી ત્રણકાળમાં જ્યારે જ્યારે જે પર્યાય થવાની છે તે પણ પહેલેથી જ્ઞાનમાં જણાઈ જાય છે, એવું કેવળજ્ઞાનનું સ્વરૂપ છે. ભૈયા ભગવતીદાસજી બ્રહ્મવિલાસમાં લખે છે કે—

જે જે દેખી વીતરાગને, તે તે હોસી વીરા રે,
અનહોની કબહૂ ન હોસી, કાહે હોત અધીરા રે?

લોકો કહે છે કે આ વાત જીવોને આશ્વાસન માટે કરી છે—પણ એમ નથી. ભગવાનનાં જ્ઞાનમાં જગતનાં પદાર્થોનો ક્રમ જેમ છે તેમ જણાય છે. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં અમૃતચંદ્રાચાર્ય અને કુંદકુંદાચાર્ય કહે છે કે જે જે દ્રવ્યની જે જે સમયે સમયે જે પર્યાય થવાની હોય છે તે ક્રમ અનુસાર જ થાય છે. ઉપોદ્‌ઘાતમાં આચાર્યદેવે એમ શબ્દ મૂક્યાં છે કે 'આત્મદ્રવ્યનું અકર્તૃત્વ દૃષ્ટાંત દ્વારા કહીએ છીએ.'

દ્રવ્યમાં ગુણો અક્રમે એકસાથે રહે છે અને પર્યાય ક્રમે ક્રમે થાય છે તે બંનેને ભગવાન એક જ સમયમાં જાણે છે. શ્વેતાંબરમાં એક દેવચંદજી થઈ ગયા તેણે શીતલનાથ ભગવાનની સ્તુતિમાં લખ્યું છે કે "દ્રવ્ય, ક્ષેત્ર ને કાલ, ભાવગુણ, રાજનીતિએ ચાર જી, ત્રાસ વિના જડ, ચૈતન્ય પ્રભુની કોઈ ન લોપે કારજી." કાર એટલે આજ્ઞા. પ્રત્યેક પદાર્થમાં તે દ્રવ્ય, તેનું ક્ષેત્ર, તેનો સ્વકાળ અને સ્વભાવ આ ચાર ચતુષ્ટય નિયમથી હોય જ છે. તેમાં જડ કે ચૈતન્ય કોઈ પદાર્થને ત્રાસ નથી કે આ ભગવાને જોયું છે તેમ અમારે પરિણમવું પડશે. જે સમયે જ્યાં જે દ્રવ્યની જે પર્યાય થવા યોગ્ય હોય તે થાય જ છે, તેમાં આગળ-પાછળ કોઈ પર્યાય ફરતી નથી. તે અપેક્ષાએ પર્યાયને પણ અક્રમ કહેવાય છે.

જેમ, પોતાના દ્રવ્યની અપેક્ષાએ બીજા દ્રવ્યને અદ્રવ્ય કહેવાય છે તેમ બીજા દ્રવ્યની અપેક્ષાએ આ દ્રવ્યને અદ્રવ્ય કહેવાય છે. દ્રવ્ય એટલે ગુણ-પર્યાયનો પિંડ, ક્ષેત્ર એટલે દ્રવ્યની પહોળાઈ, કાળ એટલે દ્રવ્યની અવસ્થા અને ભાવ એટલે દ્રવ્યની શક્તિ અથવા ગુણ. દરેક દ્રવ્ય પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે અને પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી નથી. માટે, પોતાની વસ્તુ પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી અદ્રવ્ય, અક્ષેત્ર, અકાળ, અભાવરૂપ છે અને પોતાની અપેક્ષાએ પરદ્રવ્ય અદ્રવ્ય-અક્ષેત્ર-અકાળ-અભાવરૂપ છે.

જુઓ! આ આંગળી પોતાની અપેક્ષાએ એક વસ્તુ છે પણ બીજી આંગળીની અપેક્ષાએ તે કાંઈ નથી-અવસ્તુ છે. એક વસ્તુ બીજી વસ્તુ માટે અવસ્તુ છે. તેમ જ દરેક દ્રવ્યની પર્યાય પોતાની અપેક્ષાએ ક્રમસર છે પણ બીજાની અપેક્ષાએ અક્રમ છે પણ આડી-અવળી થાય છે—એમ નથી. પર્યાય પણ ત્રિકાળ નિશ્ચિત છે. વિકારની પર્યાય પણ નિશ્ચિત છે. અહીં અમારે તો ૭૧ની સાલથી આ વાત ચાલે છે. ૭૦મા દીક્ષા લીધી અને ૭૧મા સંપ્રદાયની સામે આ વાતની ચર્ચા થઈ હતી. આત્માને પોતાની પર્યાયમાં વિકારનો કાળ છે તો વિકાર થાય છે, કર્મના કારણે વિકાર થતો નથી. આ ઉપાદાનની વાત આવી ગઈ. પોતાના ઉપાદાનથી પર્યાયમાં કાર્ય થાય છે, નિમિત્તથી નહિ. વ્યવહારથી બોલવામાં આવે છે કે આ નિમિત્તથી કાર્ય થયું પણ કાર્ય ખરેખર નિમિત્તથી થતું નથી.

'ઉપાદાન બલ જહાં તહાં, નહિ નિમિત્તકો દાવ,
એક ચક્રસોં રથ ચલે, રવિકો યહૈ સ્વભાવ.
ઉપાદાન વિધિ નિરવચન, હૈ નિમિત્ત ઉપદેશ,
વસે જો જૈસે દેશમેં, ધરૈ સુ તૈસે ભેષ.'

દરેક વસ્તુનું પરિણમન પોતાના ઉપાદાનથી સ્વકાળમાં થાય છે, માટે નિમિત્તનો

પોતાનો પણ સ્વકાળ છે તે અનુસાર તે પરિણમે છે. નિમિત્ત કાંઈ ઉપાદાનની પર્યાયને કરતું નથી.

આમાં ઉપાદાન-નિમિત્ત અને ક્રમબદ્ધ એ બંને વાત આવી ગઈ. વસ્તુ પોતાની શક્તિથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે પરિણમે છે, પરથી પરિણમતી નથી. આ ઉપાદાનમાં ક્રમબદ્ધ આવી જાય છે.

અહીં તો ત્રણ પ્રકારના ઈશ્વર છે : (૧) જડેશ્વર (૨) વિભાવેશ્વર (૩) સ્વભાવેશ્વર. જગતમાં આ ત્રણ પ્રકારના ઈશ્વર જ છે : (૧) રજકણ આદિ અજીવદ્રવ્ય છે તે જડેશ્વર છે કેમ કે પોતાની પર્યાય કરવામાં તે સ્વતંત્ર છે, (૨) વિભાવના સ્વામી થઈને વિભાવ કરે છે તે જીવ વિભાવેશ્વર છે, અને (૩) ચૈતન્યસ્વભાવના સ્વામી થઈને સ્વભાવને કરે તે સ્વભાવેશ્વર છે. જગતમાં આવા ત્રણેય પ્રકારના અનંત ઈશ્વર છે. જડેશ્વર પણ અનંત, વિભાવેશ્વર પણ અનંત અને સ્વભાવ ઈશ્વર પણ અનંત છે.

જડ પરમાણુઓ જગતમાં અનંત છે તે દરેક જડેશ્વર છે. નિગોદથી લઈને બધાં અજ્ઞાની જીવો વિભાવના સ્વામી થાય છે માટે વિભાવેશ્વર પણ અનંત છે. અનંત સિદ્ધો છે તે સ્વભાવના સ્વામી થઈને સ્વભાવની પર્યાય સ્વતંત્રપણે કરે છે માટે તે બધા સ્વભાવેશ્વર છે.

હવે, આમાં કેવળજ્ઞાન વડે (ક્રમબદ્ધ) સિદ્ધ નથી કરવું પણ વસ્તુની વ્યવસ્થાથી ક્રમબદ્ધ સિદ્ધ કરવું છે કેમ કે વસ્તુ કોઈ સમયે કાર્ય વગરની રહેતી નથી. કાર્યનું નામ જ પર્યાય છે, માટે પ્રત્યેક પદાર્થની વર્તમાન પર્યાય તે તેનું કાર્ય છે. એ કાર્યનું કરવાવાળું તે દ્રવ્ય જ છે, પરદ્રવ્ય તે કાર્યનું કરવાવાળું નથી. આમ, ઉપાદાન સિદ્ધ થઈ ગયું કે પ્રત્યેક પદાર્થ પોતાનું કાર્ય સ્વયં કરે છે, પર કરી દેતું નથી.

હવે, આમાં પ્રશ્ન એમ ઊઠે કે કાર્ય ભલે પરથી થતું નથી, દ્રવ્ય સ્વયં કરે છે પણ આમાં ક્રમબદ્ધ ક્યાં આવ્યું? જે જે સમયે જે પર્યાય થવાની છે તે સત્‌નો અંશ છે, માટે જે સમયે જે અંશ થવાનો એ જ થવાનો. તે સમયનો અંશ પૂર્વની પર્યાયથી પણ નથી અને ધ્રુવથી પણ નથી. દ્રવ્ય-ગુણ ધ્રુવ છે તેનાથી એ પર્યાય થતી નથી. જરાં ઝીણી વાત આવી ગઈ છે.

હવે, પ્રશ્ન ઊઠે છે કે જે જે સમયે જે પર્યાય થવાની છે તે જ થાય છે તો પુરુષાર્થ ક્યાં રહ્યો?

ભાઈ! ભગવાને એમ કહ્યું કે જેમ સર્વજ્ઞ પરમેશ્વર એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને

જેમ છે તેમ જાણે છે તેમ, સમ્યગ્જ્ઞાની ધર્મીને પણ પર્યાયમાં, પરમાં જે સમયે જે પર્યાય થાય છે તેની કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય છે. હું પરનો કર્તા છું એવી બુદ્ધિ છૂટી જાય છે. મારામાં અને પરમાં પર્યાય ક્રમસર થાય છે તો પરમાં જે થવાની છે તે થાય છે તેને બીજો દ્રવ્ય શું કરે! ભાઈએ (શેઠિયાએ) લખ્યુ છે ને! જુઓ! (૩૫ વર્ષ પહેલાં જેના મામા ૬૦ લાખ ભેંટ આપતાં હતાં તો ન લીધાં તેણે આ પદ લખ્યાં છે) :

"દ્રવ્ય બના હૈ, ભાવ બના હૈ, હોના ભી સાથ બના હૈ,
બને બનાયે જડ-ચૈતન્યમેં, અન્ય ક્યા કરને જાવે જી!
જ્ઞાનેશ્વર! અન્ય...."

જ્ઞાનનો ઈશ્વર–જ્ઞાનનો સ્વામી તું જ્ઞાતા-દ્રષ્ટા ભગવાન છો. તું ક્યાં અન્યના કાર્ય કરવા ચાલ્યો? જ્ઞાનેશ્વર!

તાત્ત્વિક વિષયના ગાયન બહુ બનાવ્યા છે. ઝીણી ઝીણી વાત ઘણી લીધી છે. ક્રમબદ્ધની વાત પણ લીધી છે.....

"દ્રવ્ય અનાદિ તો બના બનાયા હૈ, નિજ નિજ કરતા આવે જી
જાણે જગકો, માલિક તો નિજકો, તો નિશ્ચય સુખ પાવે જી...."

પોતાને પણ જાણે અને પરને પણ જાણે છે, કરવાનું પરમાં તો કાંઈ નથી અને પોતાની પર્યાયમાં રાગ આવ્યો તેનો પણ ધર્મી કર્તા નથી કેમકે તેની દૃષ્ટિ જ્ઞાયકભાવ ઉપર છે. હું તો ત્રિકાળ જાણવા-દેખવાવાળો ચૈતન્યમૂર્તિ જ્ઞાનેશ્વર છું. હું પરની પર્યાયનો માલિક નથી અને મને રાગ થાય છે તેનો પણ હું માલિક નથી.

આ સમજવું પડશે હો.... વાતો કર્યે નહિ ચાલે.

"હોના હૈ વૈસે હી હોય છે જી, કૌન કિસે પલટાય?
મર્યાદા સ્વ-પર અંતસ લાવો જી, મર્યાદા સ્વ-પર અંતસ લાવો...."

તારી મર્યાદા તારા ગુણ-પર્યાયમાં રહે છે અને પરની મર્યાદા તેના ગુણ-પર્યાયમાં રહે છે. કોઈની પર્યાય પોતાના દ્રવ્યની મર્યાદા ઓળંગીને બીજામાં જતી નથી. પોતાની પર્યાય પોતાથી અને પરની પર્યાય પરથી સ્વકાળમાં થાય છે.

"વિશ્વ-મર્યાદા અટલ હૈ, નહિ કોઈ પલટનહાર,
જ્ઞાતા બન બન સુખી થયા, આપા સમજનહાર."

"હોના હૈ સો હોય જી, કુછ નહિ ચલૈ જી, કુછ નહિ ચલૈ જી,
યહ નિશ્ચય દૃઢ જાન, પરિહર પર શરણં."

પરના શરણ છોડી દે ભગવાન! જ્ઞાયકની દૃષ્ટિ કરી લે!

"સ્વયં નિયમસર જગ હોતા હૈ, કરને કિસકો જાવે જી?
જબરન પરકા કર્તા બનકર, જીવ મદ છાવે જી....
ચેતન! તું ક્યો પર અપનાતા હૈ? આનંદઘન તૂ ખૂદ જ્ઞાતા હૈ,
જ્ઞાતા ક્યું કર્તા બનતા હૈ? ખુદ ક્રમબદ્ધ સહજ પલટાતા હૈ (૨)
યહ વિશ્વ નિયમસે ચલતા હૈ, ઈસમેં નહિ ધક્કા ચલતા હૈ."

દરેક સમયે થવાવાળી પર્યાય કોઈના ધક્કા મારવાથી ચાલતી નથી. તારી પર્યાયનો પણ તું જ્ઞાતા અને પરની પર્યાયનો પણ જ્ઞાતા છો. આવા તારા સ્વભાવને ભૂલીને હે જ્ઞાનેશ્વર! તું કેમ કર્તા થવા જાય છે?

શ્રોતા :—આ નિયમ ક્યારનો છે? નવો થયો?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આ નિયમ અનાદિનો છે. નવો થયો નથી. પ્રશ્ન તો ઉઠવો જોઈએ.

"વસ્તુકી માલિક વસ્તુ હૈ, જો વસ્તુ હૈ વહી કર્તા હૈ,
ફિર માલિકકે માલિક બનકર, ક્યોં નીતિ ન્યાય ગંવાતા હૈ?
જો હૈ સો સ્વયં પરિણમતા હૈ, વહ નહિ કિસીસે ટલતા હૈ,
યહ માને બિન કલ્યાણ નહીં, કોઈ કૈસે હી કુછ કહતા હો."

બીજાં પદમાં પણ આવી વાત આવી છે જુઓ!

"સત્ શક્તિ હૈ સ્વયં મહાન, જડ ચૈતન્ય દોનોં ભગવાન,
ક્રમબદ્ધ કરતે અપને કામ, દાયેં બાયેં પૈર સમાન."

જડ અને ચૈતન્ય બંને ભગવાન છે એટલે મહિમાવંત પદાર્થ છે. જડમાં જ્ઞાન નથી તો પણ મહિમાવંત છે. દરેક દ્રવ્યની પર્યાયો ડાબા-જમણા પગની જેમ ક્રમથી ચાલે છે. તે બંને પગ સાથે ઊંચા કરીને—કૂદકા મારીને કોઈ ચાલે તો એ ચાલ્યું ન કહેવાય. ક્રમનો અર્થ જ પગ છે. ભક્તામરમાં પણ આવે છે. દ્રવ્યમાં પણ પર્યાયો ડાબા-જમણા પગની જેમ

એક પછી બીજી એમ પર્યાયો થાય છે, આડાઅવળી થતી નથી. ભગવાને પર્યાયોનો ક્રમ જોયો છે તે વાત એકબાજુ રાખો તોપણ વસ્તુની પર્યાયો તેના સ્વકાળે જ પરિણમે એવો નિયમ છે. પર્યાયો પરથી થતી નથી અને આગળ-પાછળ પણ થતી નથી. આવો જ્યાં નિર્ણય કરવા જાય છે ત્યાં પર્યાયોની દૃષ્ટિ છૂટીને જ્ઞાયકની બુદ્ધિ થઈ જાય છે.

'હું જ્ઞાયક છું, જાણવા-દેખવાવાળો છું' એવી દૃષ્ટિ થતાં જ એ જીવ કર્તા થઈ ગયો, કોનો? 'સ્વભાવનો' (સ્વભાવ-પર્યાયનો) અને અકર્તા થઈ ગયો કોનો? 'વિભાવનો અને પરનો.' તેમાં જ પુરુષાર્થ આવ્યો. આ કોઈ નવી વાત નથી. અનાદિકાળથી આ જ વાત છે. અનાદિકાળથી કેવળીઓ, સંતો અને સમ્યગ્દૃષ્ટિઓ આ વાત કહેતાં આવ્યા છે. તેં ન સાંભળી માટે વાત નવી છે એમ કેમ કહેવાય!

ભગવાન આત્મા અને અન્ય અનંત પદાર્થ પોતાની પર્યાયના સ્વકાળે પરિણમે છે. આગળ-પાછળ કે પૂર્વના કારણે પરિણમતી નથી. બસ! તેનો ક્રમ નિશ્ચિત થઈ ગયો. કેવળજ્ઞાનીએ પણ આમ જાણ્યું છે અને કહ્યું છે. તેને ઉલંઘીને કોઈ દ્રવ્યની પર્યાય થતી નથી. શાસ્ત્રમાં એવો નિયમ છે કે લોકાલોક છે તે કેવળીના જ્ઞાનમાં નિમિત્ત છે એ તો બરાબર પણ કોઈ એમ કહે કે જ્ઞાન લોકાલોકમાં નિમિત્ત નથી તો એ વાત જૂઠી છે. લોકાલોક જેમ જ્ઞાનમાં નિમિત્ત છે તેમ કેવળજ્ઞાનની એક સમયની પર્યાય લોકાલોકમાં નિમિત્ત છે.

એક સમયમાં ઉપાદાન-નિમિત્ત બંને છે. કેવળજ્ઞાન પોતાના ઉપાદાનથી થાય છે તેમાં લોકાલોકના દરેક પદાર્થ તેના ગુણ-પર્યાય સહિત નિમિત્ત છે. કેવળજ્ઞાનમાં ભૂત-ભવિષ્યની પર્યાય પણ એક જ સમયમાં જણાય છે પણ નિમિત્તમાં તો એકલી વર્તમાન પર્યાય જ છે-એમ નથી. ભૂત-ભવિષ્યની પર્યાય પ્રગટરૂપ નથી અને વર્તમાન પર્યાય પ્રગટરૂપ છે પણ આખું દ્રવ્ય નિમિત્ત છે, તેમાં બધું આવી જાય છે. ઉપાદાન જેમ પૂરું છે તેમ નિમિત્ત પણ પૂરું છે. ભવિષ્યમાં પર્યાય થશે ત્યારે નિમિત્ત થશે–એમ નથી. સૂક્ષ્મ વાત આવી ગઈ છે. અમે તો પ્રવચનસારમાંથી આ વાત ઘણા વર્ષોથી કહીએ છીએ. દ્રવ્ય-ગુણમાં બધી પર્યાયની શક્તિઓ પડી છે માટે એક જ સમયમાં તે બધી પર્યાય નિમિત્ત થાય છે. જ્ઞાન જ્ઞેય પ્રમાણ છે અને જ્ઞેય લોકાલોકપ્રમાણ છે.

દ્રવ્યમાં ક્રમબદ્ધ પર્યાયો જે સમયે જે થવાની છે તે સામાન્યમાં પડી છે તે જ પ્રમાણે ક્રમથી થશે એમ કેવળજ્ઞાનમાં પૂરું જણાય છે. આગળ-પાછળ કે કાંઈ ફેરફાર વિના થશે એમ જણાય છે. આવો નિર્ણય કરવાવાળાને પરમાં કાંઈ કરું એવી કર્તાબુદ્ધિ ઉડી જાય છે

અને મારી પર્યાયમાં રાગ કરું એવી બુદ્ધ પણ છૂટી જાય છે એ તો ઠીક પણ સ્વભાવની પર્યાય કરું એવો વિકલ્પ પણ ઉડી જાય છે.

શ્રોતા :—તો અમારું તો જે થવાનું હશે તે થશે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—થવાવાળું હશે તે થશે એવો નિર્ણય કોણે કર્યો? પર્યાયમાં નિર્ણય થયો પણ તેમાં લક્ષ કોનું હોય? દ્રવ્યના લક્ષે જ ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય થાય છે. વિષય બહુ સૂક્ષ્મ છે. દ્રવ્ય-ગુણ તો છે જ. થવું-પરિણમવું-પલટવું-બદલવું એ બધુ પર્યાયમાં છે. જે પર્યાય થવાવાળી છે તે દ્રવ્યથી થાય છે પણ તેના સ્વકાળે થાય છે. દ્રવ્ય-ગુણને તો કરવાના નથી, એ તો છે જ અને પર્યાય જે થાય છે તે પણ તેના સ્વકાળે થાય છે એવો નિર્ણય કરવાવાળાની દૃષ્ટિ પર ઉપરથી અને રાગ ઉપરથી ખસીને સ્વભાવ ઉપર જાય છે. સ્વભાવની પર્યાયને પણ કરું એવા વિકલ્પ ઉપરથી દૃષ્ટિને ઉઠીને સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય છે ત્યારે તેને ક્રમબદ્ધનો નિર્ણય થયો, તાત્પર્ય સમજાયું. હવે તે અકર્તા અને જ્ઞાતા-દ્રષ્ટા થઈ ગયો.

કેટલાંક લોકો ઓઘે ઓઘે હા પાડી દે છે. મહારાજ કહે છે માટે એમ હશે એમ માની લેવું તે બરાબર નથી. પોતાને જ્ઞાનમાં બેઠા વગર સાચું ક્યાંથી માન્યું કહેવાય! આનંદઘનજી કહે છે કે—

મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું તે આગમથી મતિ આણું,
પણ પ્રભુ! મારું મનડું ઠેકાણે લાવો તો સાચું કરીને રે જાણું,
કુંથુજિન! મનડું કિમ હી ન બાજો....
જેમ જેમ જતન કરીને રાખું, તેમ તેમ અવળું ભાગે હો જિનજી....મનડું

પ્રભુ! આપે મનને વશ કર્યું છે એમ આગમથી જાણું છું પણ મારું મન વશ થાય ત્યારે જાણું કે આપે મનને વશ કર્યું છે. મારું નક્કી થયા વિના તમારું હું શું નક્કી કરી શકું! એમ પરની અને મારી પર્યાય ક્રમબદ્ધ થાય છે તેનો નિર્ણય પોતાથી થાય ત્યારે સાચો નિર્ણય ગણાય.

ભગવાન અમૃતચંદ્રાચાર્યદેવે કહ્યું કે આત્માનું અકર્તાપણું દ્રષ્ટાંતથી સિદ્ધ કરીએ છીએ. તેમાં ક્રમબદ્ધ આવી ગયું છે. દરેક દ્રવ્યમાં ગુણ અક્રમવર્તી છે અને પર્યાય ક્રમવર્તી છે એ વાત પહેલાં જ આવી ગઈ હતી. જ્યારે જીવ જ્ઞાતા-દ્રષ્ટા થાય છે ત્યારે હું પરની અને રાગની અને સ્વભાવની પર્યાયને કરું એવી બુદ્ધિ રહેતી નથી. એ જ આત્માની સન્મુખતાનો પુરુષાર્થ છે અને એ જ ક્રમબદ્ધ સમજવાનું તાત્પર્ય-ફળ છે. શરીરની કાંઈ ક્રિયા કરી લેવી કે ઘર-બાર છોડી

દેવા તે પુરુષાર્થ નથી. બીજા દ્રવ્યની પર્યાય ક્યાં આ દ્રવ્યમાં આવી ગઈ છે કે તેને છોડવી પડે! એક દ્રવ્યની પર્યાય પણ બીજા દ્રવ્યમાં પ્રવેશ કરતી નથી, તો દ્રવ્ય-ગુણ તો ક્યાંથી પ્રવેશ કરે! અને એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યમાં પ્રવેશ્યા વિના તેનું કાર્ય કેમ કરી શકે!

સમયસાર કર્તા-કર્મ અધિકારની ૧૦૩ ગાથામાં આવે છે કે દ્રવ્ય જ્યારે પરદ્રવ્યમાં સંક્રમણ જ કરતું નથી તો પરનું કાર્ય શી રીતે કરે! અરે ભગવાન! તેં દ્રવ્ય-ગુણ-પર્યાયનો નિર્ણય જ કર્યો નથી. નિર્ણય કર તો સમ્યગ્દર્શન થયા વિના રહે જ નહિ.

ભગવાન કુંદકુંદઆચાર્ય પ્રવચનસાર જ્ઞાન-અધિકારની ૮૦મી ગાથામાં કહે છે કે—

'જે જાણતો અરિહંતને, ગુણ-દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે.'

અહો! મારી પર્યાય તો પૂર્ણ નથી, ભગવાન તો પોતાની પર્યામાં પૂર્ણ જાણે છે! એ પૂર્ણ પર્યાય ક્યાંથી આવી? દ્રવ્ય-ગુણમાં પૂર્ણ શક્તિ છે તેમાંથી આવી છે તો મારા દ્રવ્ય-ગુણ પણ પૂરાં છે તેમાંથી પૂર્ણ પર્યાય આવી શકે છે. એમ પોતાના દ્રવ્ય-ગુણ ઉપર દૃષ્ટિ જતાં તેનો મોહ ક્ષય પામે છે.

'તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્' કહ્યું છે તો તત્ત્વાર્થશ્રદ્ધાનમાં સાતેય તત્ત્વ આવી ગયાં. તેમાં મોક્ષતત્ત્વ એટલે કેવળજ્ઞાન–પૂર્ણપર્યાય—તેનો નિર્ણય કેવી રીતે થાય? પર્યાયના લક્ષે પર્યાયની પ્રતીતિ નહિ થાય. અલ્પજ્ઞ પર્યાય વડે સર્વજ્ઞપર્યાયનો–મોક્ષનો નિર્ણય કરવો છે પણ પર્યાયના આશ્રયે નિર્ણય નહિ થાય. જીવતત્ત્વના આશ્રયે જ પર્યાયનો નિર્ણય થાય છે.

આ હરખજમણ પીરસાય છે ભાઈ! કોઈએ પ્રશ્ન કર્યો હતો તો આટલું સ્પષ્ટીકરણ આવ્યું. યથાર્થ પ્રશ્નનો યોગ્ય કાળ હતો. વાત જરા વિચાર અને મનન કરવા જેવી છે. કેવળજ્ઞાન એટલે મોક્ષતત્ત્વ છે. તો સાત તત્ત્વમાં મોક્ષતત્ત્વ આવી ગયું. ભગવાને બે જગ્યાએ કહ્યું છે કે સાત તત્ત્વની શ્રદ્ધા કરવી. આ સાત તત્ત્વમાં કેવળજ્ઞાનરૂપ મોક્ષતત્ત્વ આવી જાય છે. કેવળજ્ઞાનમાં ત્રણકાળ જણાય છે. બીજી વાત એ કહી કે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે તે આત્માને જાણે છે તો અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પણ કેવળજ્ઞાન આવી ગયું. આ કેવળજ્ઞાનનો જ્યાં નિર્ણય કરે છે ત્યાં જેમાં અનંતી કેવળજ્ઞાન પર્યાયની શક્તિ પડી છે એવો આત્મા નિર્ણયમાં આવી જાય છે. આમ દ્રવ્યનો આશ્રય કરવાથી કેવળજ્ઞાન–મોક્ષપર્યાયની શ્રદ્ધા આવે છે ત્યાં એ જીવ જ્ઞાતા-દ્રષ્ટા થઈ જાય છે અને પરનો અકર્તા થાય છે. આનું નામ જ પુરુષાર્થ છે અને આનું જ નામ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન છે.

શ્રોતા :—ફરી વાર સમજાવોને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—જુઓ! 'તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્' કહ્યું છે તો તત્ત્વ કેટલા છે? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. આ સાત તત્ત્વ છે. તેમાં મોક્ષતત્ત્વનું લક્ષણ કેવળજ્ઞાન છે કે મતિજ્ઞાન છે? ' મોક્ષ એટલે કેવળજ્ઞાનતત્ત્વ'. આ પર્યાય છે પણ પર્યાયની શ્રદ્ધા પર્યાયના આશ્રયે થતી નથી. પર્યાયની શ્રદ્ધા દ્રવ્યના આશ્રયે થાય છે. અત્યારે કેવળજ્ઞાન પર્યાય તો છે જ નહિ તો કેવળજ્ઞાનનો નિર્ણય કેમ કરવો? કે ભગવાન આત્મામાં સર્વજ્ઞસ્વભાવ પડ્યો છે તેનો આશ્રય લેવાથી સમ્યગ્દર્શન પર્યાય પ્રગટ થાય છે તેમાં મોક્ષપર્યાયની શ્રદ્ધા આવી જાય છે. અલ્પજ્ઞાનમાં અલ્પજ્ઞાનના આશ્રયે કેવળજ્ઞાનની શ્રદ્ધા થઈ શકતી નથી. માટે, કેવળજ્ઞાનની શ્રદ્ધા કરવા માટે દ્રવ્યનો આશ્રય લેવો પડે છે, તો પોતાની પર્યાયમાં દ્રવ્યનો આશ્રય લે છે એ જ 'પુરુષાર્થ' થઈ ગયો.

આત્મા એટલે શું? 'જ્ઞ' સ્વભાવ તે આત્મા છે. 'જ્ઞ' એટલે જાણવું. તેમાં અલ્પજ્ઞતા ન હોય, વિપરીતતા ન હોય, પૂર્ણતા જ હોય. માટે 'સર્વજ્ઞ' સ્વભાવ તે આત્મા છે એમ ન્યાયથી સિદ્ધ થાય છે. આ તો ન્યાયનો મારગ છે. આમાં ક્યાંય ગડબડ ન ચાલે. સર્વજ્ઞના માર્ગની પ્રતીતિ ન્યાયથી થાય છે. સર્વજ્ઞની પ્રતીતિ કરવી છે પણ પોતાની પર્યાયમાં સર્વજ્ઞતા તો છે નહિ. જગતમાં સર્વજ્ઞતા છે–કેવળજ્ઞાન છે. જ્ઞાનગુણની પૂરી પર્યાય છે એ સત્તાનો સ્વીકાર પોતાની અલ્પજ્ઞપર્યાયમાં પર્યાયના આશ્રયે થતો નથી. દ્રવ્યમાં સર્વજ્ઞપણું છે તો દ્રવ્યના આશ્રયે જ સર્વજ્ઞપર્યાયની શ્રદ્ધા થાય છે. માટે, દ્રવ્યનો આશ્રય લેવો એ જ પુરુષાર્થ છે, તેનાથી સમ્યગ્દર્શન થાય છે.

યુવાનોએ આ સમજવું જોઈએ. હવે આ તત્ત્વને બરાબર થંભાવી રાખવું તે યુવાનોનું કામ છે. તત્ત્વાર્થની શ્રદ્ધા કરવી તે સમ્યક્ત્વ કહો કે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવાથી સમ્યક્ત્વ કહો, કોઈ પણ રીતે કહો તેમાં દ્રવ્યના આશ્રયે જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થશે. ભગવાન આત્માના આશ્રય વિના સમ્યગ્દર્શન થાય જ નહિ. માટે, ક્રમબદ્ધમાં પણ આ જ વાત છે. જે સમયે જે પર્યાય થવાની તે થાય છે એ પર્યાય ક્યાંથી આવે છે ? દ્રવ્યમાંથી આવે છે. તો દ્રવ્યનો નિર્ણય કરવા જાય છે તો હું જ્ઞાયકભાવ છું! ચિદાનંદ છું! એવો નિર્ણય થાય તેનું નામ પુરુષાર્થ છે.

આ વિષયની ચર્ચા કરવાની જરૂર છે હો. બહુ ગડબડ છે. સર્વજ્ઞની શ્રદ્ધામાં જ હજુ વાંધા છે. એક સમયનું જ્ઞાન ત્રણકાળ ત્રણલોકમાં બધું નિશ્ચિત છે એમ જાણે છે. અનિશ્ચિત કાંઈ હોતું જ નથી. વસ્તુ કદી અનિશ્ચિત ન હોય. સામાન્ય દ્રવ્ય-ગુણની વ્યવસ્થિત

વ્યવસ્થા તે જ વિશેષ છે. સામાન્યમાંથી વ્યવસ્થિત જે સમયે જે વિશેષ અવસ્થા થવાવાળી છે તે જ થાય છે એમ વસ્તુ સિદ્ધ કરે છે. આ સમ્યક્ એકાંત છે. ત્રિકાળ સામાન્ય છે તેમાંથી વિશેષ અવસ્થા થાય છે.

શ્રોતા :—આપે કહ્યું ને કે સામાન્યમાં વિશેષ ન હોય?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ તો વિશેષનો અંદર અભાવ છે પણ પરિણમન થાય છે તે સામાન્યના આશ્રયે જ થાય છે. આખું દ્રવ્ય અનંતગુણનું પિંડ છે, એક સમયની પર્યાય જેટલું નથી.

વસ્તુના બે ધર્મ છે : (૧) સામાન્ય અને (૨) વિશેષ. જો સામાન્યમાં વિશેષ હોય તો સામાન્ય એકરૂપ ન રહે અને જો વિશેષમાં સામાન્ય આવી જાય તો સામાન્ય જ ન રહે. આપ્તમીમાંસામાં કહ્યું છે કે બે ધર્મને સિદ્ધ કરવા હોય તો બીજાની અપેક્ષા વિના સમજવું પડશે. સામાન્યને સામાન્યપણે અને વિશેષને વિશેષપણે જેમ છે તેમ સમજવા પડશે. પછી આ સામાન્ય કોનું?–કે વિશેષનું અને વિશેષ ક્યાંથી ઉત્પન્ન થયું?–તો સામાન્યમાંથી એમ સમજવું.

સર્વજ્ઞના સિદ્ધાંતો સંતોએ કહ્યા છે તે દરેકમાં ચારેબાજુથી એક જ વાત સિદ્ધ થાય છે. ભગવાન આત્મા વિશેષરૂપે પરિણમે છે તે સામાન્યનો જ અંશ છે, પણ તે પર્યાયરૂપ અંશ છે અને સામાન્ય છે તે ત્રિકાળ ધ્રુવરૂપ અંશ છે. ચાર ભાવ વિશેષરૂપ છે તે સામાન્યરૂપ થઈ જતાં નથી અને સામાન્ય છે તે વિશેષરૂપ થઈ જતું નથી–એમ સમજો તો જ બે ધર્મ સિદ્ધ થશે. જો હિત કરવું હોય તો આ સમજવું પડશે. મૂઢપણે સમજ્યા વિના ચાલશે તો હિત નહિ થાય–સમ્યગ્દર્શન નહિ થાય. મિથ્યાત્વના નાશ વિના વ્રત પાળે-તપ કરે તોપણ ચારગતિના બંધનમાંથી નહિ છૂટે. આચાર્યદેવ તો કહે છે કે એક વસ્ત્રનો ટુકડો રાખીને જો મુનિપણું માને છે તો તેને નવતત્ત્વની યથાર્થ શ્રદ્ધા નથી અને મુનિપણું મનાવે છે તો નિગોદમાં ચાલ્યો જશે કેમ કે તત્ત્વમાં ફેર થઈ ગયો. ત્રણકષાયના અભાવવાળી મુનિદશામાં વસ્ત્ર લેવાનો વિકલ્પ જ ન હોય એવી વસ્તુસ્થિતિ છે.

અહીં ગાથામાં કહ્યું કે ચાર ભાવથી મુક્તિ થતી નથી એટલે તેના આશ્રયે મુક્તિ થતી નથી. મુક્તિ તો એકલા જ્ઞાયકભાવના આશ્રયે જ થાય છે. આમાં દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાની વાત આવી એમાં ક્રમબદ્ધનું તાત્પર્ય આવી જાય છે.

# જંગમ પ્રતિમાનું નિશ્ચય સ્વરૂપ

(શ્રી અષ્ટપાહુડ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

આ, શ્રી અષ્ટપાહુડ શાસ્ત્ર છે. બોધપાહુડમાં જિનપ્રતિમાની વ્યાખ્યા ચાલે છે કે જિનપ્રતિમા કોને કહેવાય? જૈનમાર્ગમાં વીતરાગદેવે જિનપ્રતિમાની વ્યાખ્યા જુદી જ રીતે કરી છે.

શ્રોતા :—ક્યા નયથી?

પૂજ્ય ગુરુદેવશ્રી :—સાચા નયથી. મંદિરમાં રહેલ પ્રતિમા તો વ્યવહારથી છે. નિશ્ચય જિનસ્વરૂપ પ્રગટ્યું છે તેને વિકલ્પ ઉઠે ત્યારે ત્યાં લક્ષ જાય છે માટે તેને પણ જિનપ્રતિમા કહેવાય છે પણ નિશ્ચયથી જિનપ્રતિમા શું છે તેનું નિરૂપણ અહીં ૧૦મી ગાથામાં કરે છે.

सपरा जंगमदेहा दंसणणाणेण सुद्धचरणाणं ।
णिग्गंथवीयराया जिणमग्गे एरिसा पडिमा ।।१०।।

આચાર્યદેવ પોતે કહે છે કે રાગ અને પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન ચૈતન્યનું જેવું સ્વરૂપ છે તેનું ભાન અને તેમાં સંયમ સહિત સ્થિરતારૂપ વીતરાગ પર્યાયવંત આત્માને 'જિનપ્રતિમા' કહેવાય છે. માત્ર જિનમંદિર અને જિનપ્રતિમાની ભક્તિ-પૂજા કરે અને માને કે અમને ધર્મ થઈ ગયો....એમ ધર્મ થતો નથી. તત્ત્વાર્થસારમાં લખ્યું છે કે માનસિક વિકલ્પ ઉઠે છે ત્યાં સુધી ધર્મીને શુભભાવમાં સ્થાપના નિક્ષેપરૂપ જિનપ્રતિમા તરફ લક્ષ જાય છે પણ આત્મિકભાવનામાં એવા શુભરાગનો પણ અવકાશ નથી.

ગાથાર્થ :—જેનું ચારિત્ર દર્શન-જ્ઞાનથી શુદ્ધ-નિર્મળ છે તેની સ્વ-પર અર્થાત્ પોતાની અને પરની ચાલતી દેહ અવસ્થા તે જિનમાર્ગમાં જંગમપ્રતિમા છે. અથવા સ્વપરા અર્થાત્ આત્માથી પર એટલે કે ભિન્ન એવો દેહ છે તે કેવો છે? જેનું નિર્ગ્રંથસ્વરૂપ છે, કોઈપણ પરિગ્રહનો લેશમાત્ર નથી એવી દિગંબરમુદ્રા છે. એવા ગુરુ અને શિષ્ય બંનેને અહીં 'જિનપ્રતિમા' કહી છે. ગુરુ (મુનિરાજ) તો સંયમી છે જ પણ શિષ્ય પણ એવા છે કે જે શ્રદ્ધા-જ્ઞાન સહિત સંયમવાળા છે. તે ગુરુ-શિષ્ય બંનેને અહીં 'જિનપ્રતિમા' કહ્યા છે. સ્વદ્રવ્યના આશ્રયે દૃષ્ટિ-જ્ઞાન અને સ્થિરતા એ જ ખરેખર જૈનમાર્ગ છે.

કાલે રાત્રે વાત થઈ હતી કે આત્મા પરદ્રવ્યનો કર્તા કેમ નથી?—કે જેની સત્તા ભિન્ન છે તેનું કાર્ય આત્મા કરી ન શકે માટે કર્તા નથી. પોતાના ચૈતન્યથી અન્ય બીજા ચૈતન્યદ્રવ્ય અને જડદ્રવ્ય એ બધાંથી પોતાની સત્તા જુદી છે. માટે ભિન્ન સત્તાવાન પદાર્થ અન્ય સત્તાનું કાર્ય કરે નહિ–આ એક વાત. હવે બીજી વાત એ કે આસ્રવતત્ત્વ અને જીવનો સ્વભાવ એ બે ભિન્ન તત્ત્વ છે. દયા-દાન-વ્રત-ભક્તિનો રાગ ઉઠે છે તે આસ્રવ તત્ત્વ છે અને પોતાનો સ્વભાવ તે ચૈતન્યતત્ત્વ છે, માટે સ્વભાવ તે સ્વતત્ત્વ અને વિભાવ તે પરતત્ત્વ છે.

એ રીતે, સ્વભાવની અપેક્ષાએ વિભાવ પરસત્તા હોવાથી સ્વભાવ તેનો કર્તા નથી. સ્વભાવદૃષ્ટિવંત પણ વિભાવના કર્તા નથી.

ત્રીજી વાત આગળ લઈએ તો દ્રવ્ય–ધ્રુવ અને પર્યાય એ બે સત્તા–અંશ ભિન્ન છે. માટે, ધ્રુવ છે તે વીતરાગી પર્યાયનો પણ કર્તા નથી. આસ્રવતત્ત્વ ભિન્ન છે માટે ચૈતન્યતત્ત્વ તેનો કર્તા નથી તેમ દ્રવ્યનો ધ્રુવ અંશ દ્રવ્યના પર્યાયઅંશનો કર્તા નથી. અહાહા! આ રીતે વીતરાગી પર્યાયનો પણ આત્મા કર્તા નથી.

આમ, રાત્રે સત્તાના ત્રણ પ્રકાર પાડ્યા હતાં. આવી વસ્તુ છે તેને શ્રદ્ધા-જ્ઞાનમાં ન લે અને બહારમાં મૂર્તિના નિમિત્તે ઝઘડા કરે એ યોગ્ય નથી. મૂર્તિ તો પરદ્રવ્ય છે પણ મૂર્તિના લક્ષે વિકલ્પ ઉઠ્યા તે પણ પરદ્રવ્ય છે. તેથી જ સ્વદ્રવ્યની શ્રદ્ધાવાળો તે પરદ્રવ્યનો કર્તા નથી.

આગળ જતાં દ્રવ્ય અને પર્યાય બે સત્તા ભિન્ન સિદ્ધ કરવી છે.

શ્રોતા :—સાત દ્રવ્ય છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—દ્રવ્ય તો જે છે તે જ છે પણ દ્રવ્યમાં સામાન્ય અને વિશેષ બે ભિન્ન અંશ છે, માટે સામાન્યદ્રવ્ય છે તે વિશેષનું કર્તા નથી. એ અપેક્ષાએ ભિન્ન દ્રવ્ય ભિન્ન એવી પર્યાયનું કર્તા છે જ નહિ. મોક્ષમાર્ગની પર્યાયનો કર્તા પણ દ્રવ્ય નથી એ ૩૨૦ ગાથામાં આવશે. જયસેન આચાર્યની ૩૨૦ ગાથાની ટીકા ઘણી સૂક્ષ્મ છે. મોક્ષમાર્ગની પર્યાયથી ધ્રુવ-દ્રવ્ય ભિન્ન છે, માટે ધ્રુવ તેનો કર્તા નથી, જો કર્તા હોય તો તો બંને અંશ એક થઈ જાય, બે ન રહે.

જેમ, સ્વદ્રવ્ય છે તે પરદ્રવ્યને કેમ કરે? તેમ, સ્વભાવ છે તે વિભાવને કેમ કરે? સ્વભાવની પર્યાય વિભાવને ન કરે. દ્રવ્ય-ધ્રુવસ્વભાવ તો વિભાવને ન કરે પણ સ્વભાવપર્યાય જેને પ્રગટ થઈ છે તે પણ વિભાવને ન કરે.

જરાં ઝીણું પડે પણ આ વીતરાગનો મારગ વીતરાગભાવનો મારગ છે.

ભગવાન આત્મા ઉદયભાવથી ભિન્ન તત્ત્વ છે. ઉદયભાવ તો આસ્રવ અને બંધતત્ત્વ છે અને સ્વભાવ જે જ્ઞાયકભાવ તે તો નિર્મળ અબંધતત્ત્વ છે. આ બંધ તત્ત્વ અને અબંધતત્ત્વ બંને ભિન્ન તત્ત્વ છે. માટે અબંધતત્ત્વ છે તે બંધતત્ત્વનો કર્તા નથી અને જો કર્તા થાય તો બંને એક થઈ જાય છે.

હવે ત્રીજી વાત કે જે વીતરાગીપર્યાય થઈ તે પણ આસ્રવની કર્તા નથી. સ્વભાવની પર્યાય વિભાવની–દોષની પર્યાયને અડતી જ નથી, આલિંગન કરતી જ નથી. મૂળ સિદ્ધાંત એ છે કે જેનું હોવાપણું ભિન્ન હોય તે ભિન્ન હોવાપણાને કરતું જ નથી. એક-બીજાને અડતું નથી માટે કર્તા નથી.

આમ, ત્રણ પ્રકારે ભિન્ન સત્તા થઈ. એક દ્રવ્ય–આખી ચીજ જુદી છે અને બીજું દ્રવ્ય જુદું છે એ રીતે તેની સત્તા ભિન્ન છે. બીજું, સ્વાભાવિક વસ્તુ અને તેની નિર્મળપર્યાયથી આસ્રવતત્ત્વ ભિન્ન છે. માટે, સ્વદ્રવ્યની નિર્મળપર્યાય પણ આસ્રવને કરે નહિ–આવી વાત છે.

'વ્યવહારને જાણેલો પ્રયોજનવાન કહ્યો છે' એટલે કે પોતાની જ્ઞાનની પર્યાય અલ્પ છે તેને એ જાણે છે. જ્ઞાનની પર્યાયમાં સ્વ અને પરને જાણનારું જ્ઞાન એક જ છે–બે નથી, અને એ પરને કારણે નથી. સ્વનું જ્ઞાન અને પરનું જ્ઞાન એવા જ્ઞાનના બે ભાગ નથી. જ્ઞાન એકરૂપ છે. જ્ઞેય તો જ્ઞાનની પર્યાયમાં જણાઈ જાય છે, જ્ઞાનને જાણવા જવું પડતું નથી.

જેમ, કેવળજ્ઞાનમાં લોકાલોકને જાણવું પડતું નથી. સ્વસંબંધીનું અને પરસંબંધીનું પોતાનું જ્ઞાન એકરૂપ છે તેને એકને પોતે જાણે છે. તેમ, સ્વ તરફની દૃષ્ટિવાળાને પોતાની પર્યાયમાં જે અલ્પજ્ઞતા કે દોષ આદિ છે તે જણાઈ જાય છે, જાણવી પડતી નથી. માટે કહ્યું કે વ્યવહાર જણાયો થકો પ્રયોજનવાન છે. પર્યાયને જાણવી તે પણ વ્યવહાર છે. ત્રીજી વાત, જીવદ્રવ્યમાં એક સામાન્ય સત્તાધર્મ છે અને એક વિશેષ સત્તારૂપ ધર્મ છે. એ રીતે ભિન્ન સત્તા હોવાથી સામાન્ય છે તે વિશેષનું કર્તા નથી. માટે, મોક્ષની પર્યાય કે મોક્ષમાર્ગની પર્યાયને પણ સામાન્ય સત્તારૂપ દ્રવ્ય કરતું નથી.

અહીં, નિશ્ચયનયના પરમ સત્ય મારગમાં વ્યવહારને ગણવામાં આવ્યો જ નથી માટે આચાર્યદેવ કહે છે કે 'जिणमग्गे एरिसा पडिमा ।' જિનમાર્ગમાં તીર્થંકરોએ, અનંત કેવળીઓએ સ્વરૂપની દૃષ્ટિ, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપની રમણતારૂપ સંયમવાળી 'જિનપ્રતિમા' કહી છે

અને ધાતુ પાષાણ આદિથી બનાવેલ દિગંબર મુદ્રાસ્વરૂપને 'પ્રતિમા' કહેવાય છે તે વ્યવહાર છે.

કેવળજ્ઞાની પોતાની પર્યાયને જાણે છે. લોકાલોકને કેવળજ્ઞાની જાણે છે એમ કહેવું તે તો અસદ્ભૂત વ્યવહારનયનું કથન છે. તેમ, સમ્યગ્દષ્ટિ પોતાની પર્યાયને જાણે છે એ સદ્ભૂત વ્યવહારનયનું કથન છે અને દોષને જાણે છે તે અસદ્ભૂત વ્યવહારનયનું કથન છે.

મારગ કોઈ જુદો છે તેથી તો શ્રીમદે કહ્યું છે કે—

'નહિ દે તૂં ઉપદેશકો, પ્રથમ લેહિ ઉપદેશ,
સબસે ન્યારા અગમ હૈ, વો જ્ઞાનીકા દેશ.'

આ બોધપાહુડ છે ને! જિનવરદેવે પ્રતિમાનું આવું સ્વરૂપ કહ્યું છે એમ તું જાણ! એમ બોધપાહુડ કહે છે. બાહ્ય પ્રતિમા પણ હોય પણ તેનું જ્ઞાન પણ પોતાનું જ જ્ઞાન છે. સ્વ અને પર એટલે ગુરુ અને શિષ્ય બંનેની વીતરાગભાવરૂપ પ્રતિમાને જિનમાર્ગમાં જિનપ્રતિમા કહી છે. જિનમંદિર અને જિનપ્રતિમા એ બધો વ્યવહાર છે, તે સ્વવસ્તુની અપેક્ષાએ અવસ્તુ છે.

જેમ, સ્વદ્રવ્યની અપેક્ષાએ ભગવાન પરમાત્મા પોતે અવસ્તુ છે તેમ, દ્રવ્યના સ્વભાવની અપેક્ષાએ આસ્રવ અવસ્તુ છે. તેમ, દ્રવ્ય-ધ્રુવની અપેક્ષાએ પર્યાય અવસ્તુ છે. ભિન્ન વસ્તુ તે તેનાથી ભિન્ન હોવાપણામાં કાર્ય કરે નહિ. એવો જે વીતરાગભાવ તેને જિનપ્રતિમા કહી છે. સાથે રહેલો વ્યવહાર તે ઉપચરિત વિકલ્પ છે. કળશટીકામાં શરૂઆતમાં કહ્યું કે દ્રવ્યને પર્યાયનો કર્તા કહેવો તે પણ ઉપચાર છે તો પરદ્રવ્યનો કર્તા ક્યાંથી હોય?

આ મારગ તો બાપુ! અગમ પ્યાલા છે. અગમ્યને ગમ્ય કરવા માટે જ આ વાતો ચાલે છે. શ્રોતાને ગુરુ કહે છે કે આવા સમ્યકશ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રવંતને તું 'જિનપ્રતિમા' જાણ!

'અગમ પિયાલા પીઓ મતવાલા,
કીન્હીં અધ્યાતમ વાસા,
આનંદઘન ચેતન વ્હૈ ખેલે,
દેખ લોક તમાશા.....'

જેને ધર્મ કરવો હોય તેણે વસ્તુ આ જાતની છે એમ જ્ઞાનમાં નક્કી કરવું પડશે.

પોતાનો આત્મા અને સાથે દેહ તથા શિષ્યનો આત્મા અને ચાલતો દેહ બંનેને જંગમ

પ્રતિમા કહી છે કેમકે દેહમાં નિર્ગ્રંથદશા છે ને! એક વસ્ત્રનો તાણો પણ જે શરીર ઉપર નથી એવી નગ્નદશા છે. માતાએ જેવો જન્મ દીધો એવો જ નગ્ન દેહ છે, જેને બિલકુલ પરિગ્રહનો લેશમાત્ર નથી એવી દિગંબરમુદ્રાને જિનપ્રતિમા કહી છે. વ્યવહારે એ દેહને પણ જિનપ્રતિમા કહી છે. દ્રવ્ય-ગુણ તો નિર્વિકલ્પ છે પણ પર્યાય પણ જેની નિર્વિકલ્પ છે તે સાચી જિનપ્રતિમા છે. પછી, સાથે જેટલો વ્યવહાર છે તેને જણાવશે પણ ભગવાનની પ્રતિમા પૂજવાથી સંવર-નિર્જરા થાય એમ તું માનીશ નહિ.

સંપ્રદાયમાં ૮૨ની સાલમાં અમે તો આ વાત કરી હતી પણ અમારા ઉપર ભરોસો ઘણો એટલે કોઈ શંકા ન કરે. જુઓ! એક મિત્રે બીજા મિત્રને ૧૦૦ રૂપિયા આપેલાં. પછી તે બંને મિત્રો મરી ગયા. બંનેના દીકરા હતાં. તેમાંથી જેના પિતાએ રૂપિયા આપેલાં તેના દીકરાએ ચોપડામાં વાંચ્યું કે ૧૦૦ રૂપિયા આપેલાં છે પણ તેણે તો ઉપર બે મિંડા ચડાવીને પેલાને કહ્યું કે મારાં પિતાએ તારાં પિતાને દસ હજાર આપેલાં છે માટે તું મને પાછાં આપ. પેલાએ પોતાનો ચોપડો જોયો તેમાં ૧૦૦ રૂપિયા લીધાં છે એવું નીકળ્યું પણ વિચાર્યું કે જો ૧૦૦ રૂપિયા કબૂલ કરીશ તો એ દસહજાર માંગશે માટે વાત જ ઉડાડી દીધી. ૧૦૦ રૂપિયા પણ ન કબૂલ્યાં. આમ, એકે બે મિંડા ચડાવ્યા તો બીજાએ બે મિંડા ઉડાવી દીધાં. તેમ શ્વેતાંમ્બરે ભગવાનની પ્રતિમા ઉપર આંગી ચડાવીને બે મીંડા ઉમેર્યા ત્યારે સ્થાનકવાસીએ પ્રતિમાનો જ નિષેધ કરી દીધો. સ્થાનકવાસીના શાસ્ત્રોમાં મૂર્તિ તો છે પણ કબૂલ ન કરી.

ખરેખર વાત તો એમ છે કે ભૂમિકાને યોગ્ય શુભરાગ હોય છે. શુભરાગના પણ અસંખ્ય પ્રકાર છે. તેમાંથી જે પ્રકારનો રાગ હોય એનું લક્ષ ત્યાં જાય છે. અસંખ્ય પ્રકારના સહજ શુભભાવ હોય છે. ભગવાનની મહિમાનો શુભરાગ હોય ત્યારે જિનપ્રતિમાનું લક્ષ જાય છે. દયાનો શુભરાગ હોય ત્યારે બીજાં જીવને બચાવવાનું લક્ષ જાય છે એમ અનેક પ્રકાર છે. પણ, તેનો જ્ઞાની કર્તા નથી. જેમ, કેવળજ્ઞાની લોકાલોકના કર્તા નથી પણ લોકાલોક છે ખરાં, તેમ જ્ઞાની સમકિતી શુભભાવના કર્તા નથી પણ શુભભાવ છે ખરાં.

સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી મુક્ત છે. ગજબ વાત છે ને! જેવી વીતરાગની મુદ્રા છે એવી ધાતુ-પાષાણની પ્રતિમા હોય તે વ્યવહાર છે પણ પ્રતિમાને વસ્ત્ર પહેરાવી દે કે ટીલાં-ટપકાં લગાડી દે તો એવી પ્રતિમા તો સમ્યગ્દૃષ્ટિને વ્યવહારે પણ માન્ય નથી. પ્રતિમા ઉપર ટીલાં-ટપકાં કરે એ તો વીતરાગ પ્રતિમા રહેતી નથી. વીતરાગ જેવી જ વીતરાગ મુદ્રાવંત પ્રતિમા હોય તો પણ કાંઈ પ્રતિમાનાં કારણે શુભભાવ થાય છે—એમ નથી. જે કાળે જે

શુભભાવ હોય છે ત્યારે તેનું લક્ષ પ્રતિમા આદિ શુભ નિમિત્તો ઉપર જાય છે—એટલી મર્યાદા છે. પ્રતિમાને દેખીને શુભરાગ થાય છે-એમ નથી. પરદ્રવ્યને દેખીને શુભ કે અશુભ કોઈ ભાવો થતાં નથી.

દિગંબર જિનપ્રતિમાની આકૃતિ તો એવી હોવી જોઈએ કે જેવા સાક્ષાત્ ભગવાન હોય છે. બનારસીદાસજી લખે છે કે—

'જિનપ્રતિમા જિનસારખી, નમેં બનારસી તાહિં,
રંચમાત્ર દૂષણ લગૈ, સો વંદનીક નાહિં.'

જિનપ્રતિમાને ટીલાં-ટપકાં કરે કે કેસર-ચંદન આદિ લગાવે તો વ્યવહારે પણ વંદનીક નથી. આ તો સત્યની વાત છે ભાઈ! કોઈ પક્ષની વાત નથી.

સમ્યગ્દષ્ટિ તો આસ્રવ તત્ત્વથી ભિન્ન છે માટે તેના કર્તા નથી તો પ્રતિમા અને મંદિરને કરે એ તો એમના શુભવિકલ્પમાં પણ નથી. એ તો માત્ર વ્યવહાર છે તેનું જ્ઞાન કરે છે.

આગળ ફરી કહે છે—

जं चरडि सुद्धचरणं जाणइ पिच्छेइ सुद्धसम्मतं।
सा होई वंदणीया णिग्गंथा संजदा पडिमा ॥११॥

અર્થ :—જે શુદ્ધઆચરણ આચરે છે તથા સમ્યગ્જ્ઞાનથી યથાર્થ વસ્તુને જાણે છે અને સમ્યગ્દર્શનથી પોતાના સ્વરૂપને દેખે છે-શ્રદ્ધે છે—એ રીતે શુદ્ધસમ્યકત્વ જેને પ્રાપ્ત છે એવી નિર્ગ્રંથ સંયમરૂપ પ્રતિમા છે તે વંદન કરવાયોગ્ય છે.

જે વીતરાગી દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન અને વીતરાગી સ્થિરતાનું આચરણ છે તેને શુદ્ધ આચરણ કહેવામાં આવે છે. તેને જે આચરે છે, વળી સમ્યગ્દર્શન વડે પોતાના સ્વરૂપને દેખે છે અને શ્રદ્ધે છે-આવું શુદ્ધ સમ્યક્ત્વ જેને પ્રાપ્ત છે એવાં નિર્ગ્રંથ સંયમસ્વરૂપ પ્રતિમા જ વંદનીય છે. જેમ, ભગવાનને ગ્રંથ નથી તેમ પ્રતિમાને પણ વસ્ત્રનો તાણો-વાણો ન હોય તો વ્યવહારે પૂજનીક કહેવાય. વીતરાગી-નિર્ગ્રંથ પ્રતિમા જ વંદનીક છે એમ કહ્યું તેમાં અન્ય પ્રતિમા વંદનીક નથી એ વાત આવી જાય છે.

૩૧મી ગાથામાં આત્માની સ્તુતિને જ ભગવાનની સ્તુતિ કહી છે. તેથી કોઈ એમ કહે કે જુઓ! આમાં ભગવાનની સ્તુતિની ના પાડી છે તો એમ નથી. ત્યાં સમયસાર ૩૧મી

ગાથામાં નિશ્ચયસ્તુતિની વાત છે. નિશ્ચયની સાથે શુભરાગની વિઘ્નરૂપદશા પણ હોય છે તે વ્યવહાર બતાવે છે. રાગ છે તે વિઘ્નરૂપ છે-કષાય છે-અગ્નિ છે. છઢાળામાં આવ્યું છે ને! યહ રાગ આગ દાહ દહૈ સદા..... રાગ ભલે શુભ હો કે અશુભ હો...બધો રાગ કષાય છે, અગ્નિ છે. છતાં ધર્મીને પણ નિર્ગ્રંથ વીતરાગ પ્રતિમાને વંદવાનો રાગ આવે છે એવી ભૂમિકા છે તેથી આવે છે. પણ જો તેના ઉપર જોર દેવા જાય તો દૃષ્ટિમાંથી ખસી જાય છે.

શ્રોતા :-ભગવાન તો દૃષ્ટિનાં વિષયમાં હોય જ નહિ ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—પર્યાય પણ દૃષ્ટિનો વિષય નથી તો ભગવાનની મૂર્તિ અને મંદિર તો દૃષ્ટિના વિષયમાં ક્યાંથી આવે! નિર્મળ વીતરાગી પર્યાય પણ દૃષ્ટિનો વિષય નથી. એ તો વસ્તુના ઘરની વાત છે.

ભાવાર્થ :—જાણનાર, દેખનાર, શુદ્ધસમ્યક્ત્વ, શુદ્ધચારિત્રસ્વરૂપ નિર્ગ્રંથ સંયમસહિત એવું જે મુનિનું સ્વરૂપ છે તે 'પ્રતિમા' છે, તે વંદન કરવા યોગ્ય છે. અન્ય કલ્પિત પ્રતિમાઓ વંદનીય નથી. વીતરાગના રૂપ જેવી ધાતુ-પાષાણની પ્રતિમા છે તે વ્યવહારથી વંદન યોગ્ય છે.

મુનિરાજનો જ્ઞાતા-દૃષ્ટા વીતરાગભાવ વંદનીય છે એમ કહ્યું છે. ૨૮ મૂળગુણ વંદનીય છે એમ કહ્યું નથી. મુનિરાજનો વીતરાગભાવ જ જિનપ્રતિમા છે. વીતરાગમાર્ગની શરૂઆત વીતરાગભાવથી જ થાય છે. વીતરાગભાવ સિવાય અન્ય કલ્પિત ભાવો વંદનીય નથી. ખરેખર, વીતરાગની પ્રતિમા અને મંદિર પણ નિશ્ચયથી વંદવા લાયક નથી. માટે, સવાર-સાંજ ભગવાનની ભક્તિ કરીને કોઈ ધર્મ માની લેતો હોય તો તે યથાર્થ નથી. પોતાનું સ્વરૂપ ઓળખવું, વીતરાગી દૃષ્ટિ કરવી, વીતરાગી જ્ઞાન અને વીતરાગી સ્થિરતા તે ખરેખર ભક્તિ છે, તેમાં ધર્મ છે, તેની સાથે રાગવાળી ભક્તિનો ભાવ આવે છે તે બધી વ્યવહારે ભક્તિ છે.

વ્યવહાર પોતે જ હેય છે. એ હેયભાવને વંદનયોગ્ય કહેવો એ વ્યવહારથી કહ્યું છે, પણ નિશ્ચયથી તો વ્યવહાર હેય છે. અભૂતાર્થનયે વ્યવહાર ઉપાદેય છે. પણ સ્વના આશ્રય વિના, સ્વની જાગૃતિ વિના જાણનારો જાગ્યો નથી તો શુભરાગને વ્યયહાર પણ કહેવામાં આવતો નથી.

અંતરમાં પ્રભુ ભગવાન ચૈતન્યદેવ સિદ્ધ સમાન મૂર્તિ છે. આત્માની અંદર અનંતા સિદ્ધ ભગવાન બિરાજે છે. તેની દૃષ્ટિ, તેનું જ્ઞાન અને તેનું ચારિત્ર જેને વર્તે છે તેને ખરેખર 'જિનપ્રતિમા' કહેવામાં આવે છે. નિશ્ચયથી આવી 'જિનપ્રતિમા' વંદનયોગ્ય છે અને વ્યવહારથી

વીતરાગના આકાર જેવી પ્રતિમા વંદનીય છે, પણ એમાં જે હોંશ આવી જાય છે તેમાં દ્રવ્યસ્વભાવની દૃષ્ટિનો અનાદર છે.

આગળ ફરી કહે છે :—

दंसणअनंतणाणं अणंतवीरिय अणंतसुक्खा य ।
सासयसुक्खा अदेहा मुक्का कम्मट्ठबंधेहिं ॥१२॥

निरूपममचलमखोहा णिम्मिपिया जंगमेण रूवेण ।
सिद्धट्ठाणम्मि ठिया वोसरपडिमा धुवा सिद्धा ॥१३॥

અહીં સિદ્ધ ભગવાનરૂપ સિદ્ધપ્રતિમાની વાત કરે છે. સિદ્ધભગવાન પોતે ચૈતન્યપ્રતિમા છે. શ્રીમદ્‌માં આવે છે કે ચૈતન્યપ્રતિમા થા! ચૈતન્યપ્રતિમા થા!

અર્થ :—જે અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતવીર્ય અને અનંતસુખથી સહિત છે, શાશ્વત અવિનાશી સુખસ્વરૂપ છે. સિદ્ધભગવાનને કેવું સુખ છે? અનંતસુખ છે અને તે પણ શાશ્વત છે. અતીન્દ્રિય સુખ છે, સ્વનું સુખ છે.

પોતામાં સુખ છે એ માન્યતા છોડીને વિકલ્પમાં કે કોઈ પણ પરદ્રવ્યમાં સુખ માને છે તેની દૃષ્ટિ મિથ્યા છે. વ્યવહારના જે વિકલ્પ આવે છે તેનાથી મને સુખ થશે, લાભ થશે—એમ માનનાર જ્ઞાન ખોટું છે. અરે! વ્યવહાર છે માટે તેનું જ્ઞાન થાય છે એમ પણ નથી. કેમકે જ્ઞાન પરાધીન નથી. વિકલ્પ કે પરના આશ્રયે જ્ઞાન થતું નથી. રાગ સંબંધીનું જે જ્ઞાન થાય છે તે પોતાના કારણે પોતાથી થાય છે, રાગના કારણે જ્ઞાન થતું નથી. લોકાલોકના કારણે કેવળજ્ઞાનમાં લોકાલોકનું જ્ઞાન થતું નથી.

આનંદમૂર્તિ આત્મામાંથી પ્રગટેલા સુખને જ સુખ કહેવાય. બાકી, પુણ્યમાં સુખ નથી, પૈસામાં સુખ નથી, વ્યવહારરત્નત્રયમાં સુખ નથી, દોષમાં સુખ નથી. જ્યાં સુધી આત્મામાં સુખ છે એવો ભાસ ન થાય અને પરમાં સુખ છે એવો ભાસ રહે ત્યાં સુધી તેણે આત્માનો અનાદર કર્યો છે.

સિદ્ધભગવાન અદેહ છે—કર્મ, નોકર્મરૂપ પુદ્‌ગલમયી દેહ જેને નથી, ભાવકર્મ પણ નથી, આઠ કર્મોનું બંધન પણ નથી. એમ, સર્વ કર્મરહિત ચૈતન્યદેહ છે તે જિનપ્રતિમા છે. નીચલી ભૂમિકામાં પણ દોષરહિત જેટલી વીતરાગીદશા પ્રગટી છે તેને જિનપ્રતિમા કહી છે. દોષને જિનપ્રતિમા કહી નથી.

આ તો ધીરે ધીરે પચાવવા જેવું છે ભાઈ!

શ્રોતા :—દુકાનનો વહીવટ ક્યારે કરવો?

પૂજ્ય ગુરુદેવશ્રી :—દુકાનનો વહીવટ આત્મા કરતો જ નથી, માત્ર વિકલ્પ આવે છે પણ પૈસા લેવા કે દેવાનું કામ આત્મા કરી શકતો નથી. વહીવટ સંબંધી અશુભવિકલ્પ આવે છે તે વસ્તુના સ્વરૂપમાં નથી તેમ જ શુભવિકલ્પ આવે છે તે પણ વસ્તુના સ્વરૂપમાં નથી. મંદિર બનતું હોય તેમાં દાન દેવાનો શુભવિકલ્પ તો આવે પણ તે કાંઈ જિનપ્રતિમા કહેવાતો નથી. એક વીતરાગભાવને જ જિનપ્રતિમા કહેવાય છે.

ભાવનગર મંદિરની પ્રતિષ્ઠાના દિવસોમાં મંડપ સળગ્યો તો પણ રથયાત્રા, દીક્ષા આદિ બધાં કાર્યક્રમ બરાબર થતાં હતાં. બહારમાં પ્રતિકૂળતા આદિ તો બધું થવા કાળે થાય. એમાં કાંઈ નહિ. જુઓ ને! શ્રીકૃષ્ણ અને બળદેવ જેવા સમકિતી ઊભા હતા અને આખી દ્વારકા સળગી! અરે! જિનમંદિરો સળગ્યા! જિનપ્રતિમા સળગી! રાજકુમારો, તેની રાણીઓ આદિ બધું સળગી ગયું.... બંને ભાઈ (બળદેવ, વાસુદેવ) જોતાં ઊભા રહ્યા! શું કરી શકે! જે કાર્ય થવાયોગ્ય હોય તેને કોઈ રોકી શકે? જે થવાનો કાળ હોય તે કાળે જ થાય, બીજે કાળે ન થાય.

અરે! જેની હાંકલમાત્રથી હજારો રાજા ઊભા થતાં હતાં...'ખમ્મા અન્નદાતા' કહીને સેવામાં હાજર થતાં હતાં તેની આજે આ દશા! બધાં પુણ્ય ક્યાં ગયા? મા-બાપ પણ સળગશે એ જોઈ ન શક્યા, દ્વારકામાંથી બહાર કાઢવા ઘણી મહેનત કરી પણ મા-બાપને પણ ન બચાવી શક્યાં. દ્વીપાયનમુનિ બહુ કોપમાં આવી ગયેલાં ત્યારે કૃષ્ણ, બળદેવે માફી માંગી એટલે દ્વીપાયને કહેલું કે તમે બે બચશો, બાકી કોઈ નહિ. આવા યોદ્ધા ઊભા હતાં તો પણ સોનાના ગઢ અને રતનના કાંગરાવાળી દ્વારકા નગરી ઘાસ સળગે તેમ સળગી ગઈ. એવી પર્યાયનો કાળ હોય ત્યારે એમ જ થાય.

આવા જગતથી જ્ઞાની ઉદાસ છે. વિકલ્પ આવે તેનાથી પણ ઉદાસ–ઉદાસ છે. જ્ઞાની, મુનિ, વીતરાગના આવા સ્વરૂપને ભગવાને 'જિનપ્રતિમા' કહી છે.

## ગુજરાતની સુપ્રસિદ્ધનગરી રાજકોટમાં નંદીશ્વર બાવન જિનાલયયુક્ત
## શ્રી આદિનાથ દિગંબર જિનમંદિરનો સાનંદ સંપન્ન
# શ્રી જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા-મહોત્સવ

(તા. ૨૭-૧-૨૦૦૬ થી તા. ૩-૨-૨૦૦૬)

પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રભાવનાયોગ અંતર્ગત રાજકોટ શહેરમાં શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન પરિવાર યુવક મંડળ દ્વારા નવનિર્મિત શ્રી આદિનાથ દિગંબર જિનમંદિર તથા નંદીશ્વર બાવન જિનાલયનો શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા-મહોત્સવ વિ. સં. ૨૦૬૨, પોષ વદ ૧૩, તા. ૨૭-૧-૦૬ શુક્રવાર થી મહા સુદ ૬, તા. ૩-૨-૦૬ શુક્રવાર સુધી યોજાઈ ગયો.

પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેન પ્રતિ શ્રદ્ધાવંત, ભારતના વિવિધ પ્રાંતોમાંથી તથા નાઈરોબી, અમેરિકા, લંડન વગેરે સ્થળોથી પધારેલા લગભગ પાંચહજારથી વધુ મુમુક્ષુઓ આ મંગલ મહોત્સવનો અનુપમ લાભ લેવા પધાર્યા હતા.

આ મંગલમય મહોત્સવની ચમત્કૃતિ પૂર્ણ પ્રભાવનાનો મૂળ આધાર આપણા તારણહાર પરમ કૃપાળુ પૂજ્ય કહાન ગુરુદેવનો સાતિશય પ્રભાવનોદય જ છે. તેને ચમકાવનારો અનુપમ યશ પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગવતીમાતા પૂ. બહેનશ્રી ચંપાબેનને તેમ જ આપણા ઊંડા આદર્શ આત્માર્થી પં. શ્રી હિંમતલાલ જે શાહની મંગલવર્ધિની છત્રછાયાને છે.

## પંચકલ્યાણક-જિનબિંબપ્રતિષ્ઠાનો શાસ્ત્રોક્ત વિવિધક્રમ

પ્રતિષ્ઠા મહોત્સવની પવિત્ર વિધિના ક્રમાનુસાર તા. ૨૭-૧-૦૬ના દિવસે શાન્તિજાપ-પ્રારંભ, પ્રતિષ્ઠા-મંડપશુદ્ધિ, જેઓના મંગલવર્ધક આશ્રયમાં આ પ્રતિષ્ઠોત્સવ ઊજવવામાં આવ્યો તે વિધિ-અધ્યક્ષ પરમ પૂજ્ય શ્રી સૂર્યકીર્તિ (ભાવિ) ભગવંતના પ્રતિષ્ઠિત જિનબિંબને શોભાયાત્રા પૂર્વક વિધિમંડપમાં બિરાજમાન કરવાની મંગલ વિધિ, નાન્દીવિધાન, અખંડદીપપ્રદીપન, ધર્મધ્વજારોહણ, શ્રી પંચપરમેષ્ઠી મંડલ-વિધાનપૂજા; તા. ૨૮-૧-૦૬ના દિવસે દેવ-શાસ્ત્ર-ગુરુપૂજા પૂર્વક આચાર્ય-અનુજ્ઞા, ઈન્દ્રશોભાયાત્રા; તા. ૨૯-૧-૦૬ના દિવસે યાગ-મંડલપૂજા; ગર્ભકલ્યાણકની પૂર્વ ક્રિયા; તા. ૩૦-૧-૦૬ના દિવસે ગર્ભકલ્યાણક સ્વપ્નફલ દર્શન, જલયાત્રા, વેદિ-કળશ-ધ્વજ-શુદ્ધિ, ગર્ભકલ્યાણકની શેષક્રિયા; તા. ૩૧-૧-૦૬ના દિવસે જન્મકલ્યાણક, જન્માભિષેક-શોભાયાત્રા, પાંડુકશિલા ઉપર જન્માભિષેક, મહેલમાં ઈન્દ્રો દ્વારા જન્મકલ્યાણક પૂજા, તાંડવનૃત્ય, પારણા-ઝૂલન, લગ્નપ્રસ્તાવ, રાજાઓ દ્વારા કુમાર નેમિનાથનું સ્વાગત તથા અભિવાદન; તા ૧-૨-૦૬ના દિવસે નેમિનાથ કુવરનું જાન સાથે જુનાગઢમાં આગમન, પશુઓનો પોકાર સાંભળી વૈરાગ્ય, ભગવતી જિનદિક્ષા માટે વન પ્રયાણ, દીક્ષા શોભાયાત્રા, દીક્ષા-ગ્રહણવિધિ, દીક્ષા વનમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું વૈરાગ્યપ્રવચન, ઈન્દ્રો દ્વારા ક્ષીરસમુદ્રમાં તીર્થંકર-કેશક્ષેપણવિધિ, તપકલ્યાણક-પૂજા; તા. ૦૨-૦૨-૦૬ના દિવસે મુનિરાજ નેમિનાથને આહારદાન, અંકન્યાસવિધિ, ક્ષપકશ્રેણી આરોહણ, કેવળજ્ઞાન કલ્યાણક, સમવસરણ રચના; ઈન્દ્રો દ્વારા કેવળજ્ઞાન-કલ્યાણકપૂજા, જિનવિહાર તથા વિભિન્ન નગરોમાં દેશના; તા. ૦૩-૦૨-૦૬ના દિવસે નિર્વાણભક્તિ, નિર્વાણ-પૂજા, પ્રતિષ્ઠિત જિનબિંબોને શોભાયાત્રાપૂર્વક જિનમંદિરમાં લાવવાની મંગલ વિધિ, પ્રતિષ્ઠાપનની પૂર્વવિધિ, વેદી પર શ્રી જિનબિંબોને સ્થાપનની મંગલ વિધિ, કળશ-ધ્વજારોહણ, જિનવાણી-પ્રતિષ્ઠા, પૂજ્ય ગુરુદેવશ્રીના મનોહર (પ્રતિકૃતિ) સ્ટેચ્યુની સ્થાપનાવિધિ તથા ભગવાન કુંદકુંદાચાર્યદેવ, અમૃતચંદ્રાચાર્યદેવ, પૂજ્ય બહેનશ્રી અને સ્વાનુભૂતિતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢ)ના વિશાળ ભવ્ય ચિત્રપટોની અનાવરણ વિધિ, શાન્તિયજ્ઞ અને અંતમાં પ્રતિષ્ઠા-મહોત્સવ-સમાપન નિમિત્તે શાંતિરથયાત્રા.

આ પ્રતિષ્ઠામાં વિધિ વિધાન ઉપરાંત સમાગત દર્શકોને પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસપૂર્ણ સીડી ટેપ પ્રવચનનો, પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની વિડિયો ધર્મચર્ચાનો, વિભિન્ન વિદ્વાનોનાં શાસ્ત્ર પ્રવચનોનો તથા વિભિન્ન સાસ્કૃતિક નાટક-ભક્તિનો પણ સુંદર લાભ મળતો હતો. ઉપરોક્ત બધા કાર્યક્રમો પ્રાયઃ નિશ્ચિત સમય પર સંપન્ન થતા હતા.

## વિભિન્ન સભાઓનું મનોહર આયોજન

ભગવાન શ્રી નેમિનાથના પૂર્વભવ, અહમિન્દ્રની સભા, ઈન્દ્રસભા તથા શ્રી સમુદ્રવિજય મહારાજાના રાજદરબાર વગેરેનાં મનોહારી દૃશ્યો ઘણા જ રમણીય હતાં. અનુત્તર સ્વર્ગના "જયંત" વિમાનમાં અહમિન્દ્ર શીઘ્ર નરપર્યાય પામીને અધુરી સંયમ સાધના પૂર્ણ કરવા માટે તડપતા હતા. ઈન્દ્રસભાના સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મ તત્ત્વજ્ઞાન તથા તીર્થંકર મહિમાના મધુર વાર્તાલાપથી દરેકના મનમાં પ્રસન્નતાનો પાર ન હતો. શ્રી સમુદ્રવિજય રાજદરબારના સભાસદ વિભિન્ન દેશોના નરેશોની જિનેન્દ્રમહિમાભીની અધ્યાત્મ તત્ત્વગોષ્ઠિ, તથા મહારાણી શિવાદેવીની શ્રી હ્રી ધૃતિ આદિ દેવી સાથે અનુભવરસપ્રધાન અધ્યાત્મવાર્તા. તેમના દ્વારા નિર્મિત જિનેન્દ્રભક્તિમય આહ્‌લાદકારી અનુપમ વાતાવરણ તે બધુ ખરેખર ઘણું જ અદ્‌ભુત હતું. પંચકલ્યાણકનાં તથા વિધિવિધાનનાં ભક્તિભાવભીનાં આશ્ચર્યકારી અનુપમ દૃશ્યોને દેખીને પ્રેક્ષક–મુમુક્ષુ સમુદાય–અતિ પ્રસન્ન થતો હતો. સમુદ્રવિજયના રાજદરબારમાં લગ્નપ્રસ્તાવ, નેમિકુંવરના વૈરાગ્યપૂર્વક વિરક્તિભર્યા મૌનને સંમતિ માનવી, લગ્નની જાન, પશુઓનું દર્દભર્યું રુદન અને ચિત્કાર, નેમિકુમારનો વૈરાગ્ય, રાજ્યલોભના કારણે થતો માયાચાર, સંસારની અસારતા વગેરે વૈરાગ્યપ્રેરક વાર્તાલાપથી અનેક મુમુક્ષુ પ્રભાવિત થયા હતા. જિનવર-વિહારના સમયે વિભિન્ન નગરોમાં ભગવાન દ્વારા અપાયેલી આત્માના પરમાત્મતત્ત્વની ઘોષણારૂપ દિવ્ય દેશનાનું આયોજન પણ રુચિકર હતું. પંચકલ્યાણકના ભાવવાહી વિભિન્ન દૃષ્યો દેખીને દરેકને અંતરમાં એવો અનુભવ થતો હતો કે "નિર્મલ સમ્યક્‌ત્વની ઉત્પત્તિ માટે જિનાગમોમાં બાહ્ય નિમિત્તકારણોમાં, જિનેન્દ્રમહિમાદર્શન પણ એક છે તે વસ્તુતઃ સત્ય છે. કહેવામાં આવે છે કે—

"કલ્યાણ કાળ પ્રત્યક્ષ પ્રભુકો લખૈ જે સુરનર ઘને
તિહ સમયકી આનંદ મહિમા કહત ક્યો મુખસોં બને."

## વિભિન્ન શોભાયાત્રા

આ મંગલ પ્રતિષ્ઠાના સ્વર્ણિમ અવસર પર આયોજિત વિભિન્ન શોભાયાત્રા પણ વિશેષ મનમોહક હતી. દરેક શોભાયાત્રામાં પરમ તારણહાર પરમ પૂજ્ય શ્રી કહાન ગુરુદેવ તથા ઉપકારમૂર્તિ પ્રશમવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પ્રતિ મુમુક્ષુ હૃદયો ઉપકૃતતાની ભાવનાથી ભીંજાયેલા અસાધારણ ભક્તિભાવથી ઊછળી જતાં હતાં. આ ભવ્ય મહોત્સવ એટલો બધો આનંદપ્રદ હતો કે તેના મીઠા પ્રતિઘોષ ચિરકાળ સુધી મુમુક્ષુ હૃદયોમાં ગુંજતા રહેશે.

**પ્રતિષ્ઠાવિધિ–શુદ્ધામ્નાયાનુસાર** : પંચકલ્યાણકપ્રતિષ્ઠાના વિધિવિધાન દિગંબર જૈનાચાર્ય શ્રી વસુબિન્દુ (અપરનામ શ્રી જયસેનાચાર્ય) પ્રણીત પ્રતિષ્ઠાપાઠ અને પ્રતિષ્ઠાચાર્ય પં. શ્રી નાથુલાલજી (ઈન્દોર) દ્વારા સંકલિત "પ્રતિષ્ઠાપ્રદીપ"ના આધારે બિલકુલ શુદ્ધામ્નાયાનુસાર કરવામાં આવેલ હતા. આ પંચકલ્યાણક પ્રતિષ્ઠાની શાસ્ત્રોક્ત સમગ્ર વિધિ પૂજ્ય ગુરુદેવશ્રીના અંતેવાસી પ્રતિષ્ઠાચાર્ય આત્માર્થી વિદ્વાન બ્રહ્મચારી ભાઈશ્રી ચંદુલાલભાઈ ઝોબાળિયા (સોનગઢ) તથા પ્રતિષ્ઠાચાર્ય આત્માર્થી વિદ્વાન બ્રહ્મચારી વ્રજલાલભાઈ શાહ (વઢવાણ) દ્વારા કરાયેલ. વિભિન્ન વિધિવિધાનમાં શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર), શ્રી પ્રકાશભાઈ જૈન (મલાડ) તથા શ્રી રમેશભાઈ મહેતા(સલાલ)એ પણ કિંમતી સહયોગ આપ્યો હતો. પ્રતિષ્ઠાની સંપૂર્ણ શુદ્ધ શાસ્ત્રોક્ત વિધિ કુશળતા પૂર્વક તથા રોચક ઢંગથી કરાવવામાં ઉક્ત બન્ને બ્રહ્મચારી

ભાઈઓએ જે અત્યંત સહૃદય પરિશ્રમ લીધો છે તે વિષયમાં જેટલું કહેવામાં આવે તેટલું ઓછું છે. તેમના દ્વારા પંચકલ્યાણકનાં વિધિવિધાન એકદમ સ્પષ્ટીકરણવાળી સરળ તથા સુગમ રોચક શૈલીથી સંપન્ન થયાં હતાં.

**પ્રતિષ્ઠા વિધાનના સૌભાગ્યવંત મુમુક્ષુઓ :** સમુદ્રવિજય મહારાજા તથા માતા શિવાદેવી બનવાનું સૌભાગ્ય રાજકોટનિવાસી ડૉ. પ્રવીણભાઈ દિનકરરાય દોશી તથા તેમનાં ધર્મપત્ની ડૉ. તરલિકા બહેનને પ્રાપ્ત થયું હતું. શ્રી નેમિનાથ મુનિરાજને આહારદાનનો લાભ દામનગરનિવાસી (અમેરિકા સ્થિત) શ્રી સુધીરભાઈ કેશવલાલ મોદીને મળ્યો હતો.

જેમની મંગલ અધ્યક્ષતામાં આ મહોત્સવ ઊજવવામાં આવ્યો તે શ્રી ભાવિ જિનવર ભગવાનના જિનબિંબને પ્રતિષ્ઠામંડપમાં બિરાજમાન કરવાનું સૌભાગ્ય શ્રી શાંતિલાલ ઠાકરસી મોદી અને અખંડદીપ પ્રદીપનનો લાભ કસ્તુરબહેન માલદે હ. બટુકભાઈ માલદે-પરિવાર–નાઈરોબીએ લીધો હતો. ધર્મ ધ્વજારોહણનો લાભ શ્રીમતી રળીયાતબહેન રાઈચંદભાઈ (નાઈરોબી)એ લીધો હતો.

**પંચકલ્યાણક વિધાનના ઇન્દ્ર :** (૧) સૌધર્મ ઈન્દ્ર તથા શચી ઈન્દ્રાણી શ્રી વિપુલ શાંતિલાલ મોદી તથા તેમના ધર્મપત્ની શ્રીમતી ચેતનાબહેન–મુંબઈ; (૨) ઐશાન ઈન્દ્ર-ઈન્દ્રાણી શ્રી દિનેશભાઈ ડગલી તથા શ્રીમતી હંસાબેન–અમેરિકા; (૩) સાનત્કુમારઈન્દ્ર–શ્રી હર્ષદભાઈ કામદાર તથા શ્રીમતી ઉષાબહેન–સુરત; (૪) માહેન્દ્ર ઈન્દ્ર–શ્રી દીપકભાઈ દોશી તથા શ્રીમતી દિનાબહેન; (૫) બ્રહ્મ ઈન્દ્ર–શ્રી સમીરભાઈ દોશી તથા શ્રીમતી સમીક્ષાબહેન-મુંબઈ; (૬) લાન્તવઈન્દ્ર–શ્રી ધર્મેન્દ્રભાઈ મોદી તથા શ્રીમતી સ્મિતાબહેન–મુંબઈ; (૭) શુક્ર ઈન્દ્ર–શ્રી નરેન્દ્રભાઈ બાવીશી તથા શ્રીમતી સ્મિતાબહેન–મુંબઈ; (૮) સહસ્ત્રારઈન્દ્ર–શ્રી વિરેશભાઈ શાહ તથા શ્રીમતી વંદનાબેન રાજકોટ (૯) આનતઈન્દ્ર–શ્રી દિપેનભાઈ પારેખ તથા શ્રીમતી પ્રીતિબહેન; મુંબઈ (૧૦) પ્રાણતઈન્દ્ર–શ્રી ચીદેશભાઈ ચંપાવત તથા શ્રીમતી અનુભૂતિબહેન–બેંગલોર; (૧૧) આરણ ઈન્દ્ર–શ્રી અપૂર્વભાઈ ટોળિયા તથા શ્રીમતી નેહાબહેન–મુંબઈ; (૧૨) અચ્યુતઈન્દ્ર–શ્રી ભાવેશભાઈ ભાયાણી તથા શ્રીમતી તૃપ્તિબહેન–અમદાવાદ; (૧૩) સૌધર્મપ્રતીન્દ્ર–શ્રી રાજેશભાઈ જૈન તથા શ્રીમતી દક્ષાબહેન–મુંબઈ; (૧૪) ઐશાન પ્રતીન્દ્ર–શ્રી ચૈતન્યભાઈ વારીયા તથા શ્રીમતી રૂપલબહેન–રાજકોટ; (૧૫) સાનતકુમાર પ્રતીન્દ્ર–શ્રી રાજેશભાઈ શાહ તથા શ્રીમતી ચારુબહેન–અમેરિકા; (૧૬) માહેન્દ્ર પ્રતીન્દ્ર–શ્રી પ્રમોદભાઈ મહેતા તથા શ્રીમતી હર્ષાબહેન–મુંબઈ (૧૭) કુબેર ડૉ. દિનકરભાઈ શાહ લંડન.

**સમુદ્રવિજય મહારાજાના રાજદરબારના રાજા :** (૧) શ્રી દિનેશભાઈ દામોદરભાઈ મહેતા–મુંબઈ, (૨) શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર–રાજકોટ, (૩) શ્રી પ્રફુલ્લભાઈ કામદાર–મુંબઈ, (૪) શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર–રાજકોટ, (૫) શ્રી અનિલકુમાર બાબુલાલ શાહ–મુંબઈ, (૬) શ્રી ગુણવંતરાય પ્રેમચંદ ભાયાણી–મુંબઈ, (૭) શ્રી જયસુખભાઈ હરિભાઈ પટેલ–સુરત, (૮) શ્રી પ્રવીણભાઈ દલિચંદભાઈ શાહ–સુરત, (૯) શ્રી રાજેશભાઈ પ્રભુદાસભાઈ કામદાર–હૈદ્રાબાદ, (૧૦) શ્રી રમેશભાઈ રામજીભાઈ પટેલ, સુરત, (૧૧) શ્રી રજનીકાંત ધીરજલાલ શાહ–રાજકોટ, (૧૨) શ્રી મનહરલાલ ધીરજલાલ શાહ–રાજકોટ (૧૩) શ્રી રાજા બહાદુર–અંડવા (૧૪) શ્રી ગીરધરલાલ ઠાકરશી મોદી–મુંબઈ (૧૫) શ્રી રસિકલાલ અમરચંદ ડગલી, મુંબઈ (૧૬) શ્રી ઋષભભાઈ વારીયા–રાજકોટ, તથા મહામંત્રી શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી–મુંબઈ.

**અનુત્તર સ્વર્ગ જયંતવિમાનના અહમિન્દ્ર :** (૧) શ્રી અનિલભાઈ વિનોદરાય કામદાર–રાજકોટ, (૨) શ્રી શૈલેષભાઈ અનંતરાય ગાંધી–રાજકોટ, (૩) શ્રી જિતેન્દ્ર વૃજલાલ શાહ–મુંબઈ, (૪) શ્રી રસિકલાલ અમરચંદ ડગલી–મુંબઈ, (૫) શ્રી વેલજીભાઈ શાહ–નાઈરોબી.

**જન્માભિષેક કળશ : રત્નજડિત સુવર્ણ કળશ** (૧) શ્રીવિનોદરાય કાનજીભાઈ કામદાર–રાજકોટ, (૨) શ્રી શામજીભાઈ ભાણજીભાઈ છેડા–મુંબઈ, (૩) શ્રી રાકેશ પોપટલાલ શાહ–અમેરિકા.

**સુવર્ણ કળશ :**—(૧) શ્રી આનંદભાઈ કિરણભાઈ શાહ લંડન, (૨) શ્રી મનહરલાલ ઉજમશી શાહ–રાજકોટ, (૩) શ્રી સાગર આશીત ડગલી–મુંબઈ, (૪) શ્રી બાબુલાલ નાનજીભાઈ શાહ–મુંબઈ, (૫) શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા–મુંબઈ, (૬) શ્રી છોટાલાલ કેશવજી ભાયાણી–મુંબઈ, (૭) શ્રી શાંતિલાલ ઠાકરશી મોદી–મુંબઈ, (૮) શ્રી ગિરધરલાલ ઠાકરશી મોદી મલાડ(મુંબઈ), (૯) શ્રી દેવાંગ રસિકલાલ ડગલી–મુંબઈ.

**રજત કળશ :**—(૧) શ્રીમતી ચેતનાબહેન વિપુલભાઈ મોદી–મુંબઈ, (૨) શ્રી હરેશભાઈ ગાંધી–રાજકોટ, (૩) શ્રી છગનલાલ કાળીદાસ વાઘર–જામનગર, (૪) શ્રી પ્રફુલભાઈ કામદાર–હૈદરાબાદ, (૫) શ્રી વિરાટભાઈ વોરા–અમદાવાદ, (૬) શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી–મુંબઈ, (૭) શ્રીમતી સુશીલાબેન જયંતીલાલ શાહ–અમેરિકા, (૮) શ્રી ગુણવંતભાઈ પી. ભાયાણી–મુંબઈ (૯) શ્રીમતી ચંદ્રાબહેન રૂપચંદ જૈન–ચૈન્નાઈ, (૧૦) શ્રી બિપિનચંદ્ર આર. શાહ–ગાંધીનગર, (૧૧) શ્રી જિતેન્દ્ર વૃજલાલ શાહ–મુંબઈ

**પારણા ઝૂલન :**—(૧) શ્રીમતી રળિયાતબહેન રાયચંદભાઈ પરિવાર–નાઈરોબી, (૨) શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર–રાજકોટ, (૩) શ્રીમતી લલિતાબહેન વૃજલાલ શાહ–જલગાંવ.

**સ્વામીવાત્સલ્ય જમણ :**—(૧) શ્રી દિગંબર સ્વાધ્યાયમંદિર સોનગઢ–અમેરિકા, (૨) શ્રી મનહરલાલ ઉજમશી શાહ–રાજકોટ, (૩) શ્રી વેલજીભાઈ શાહ–નાઈરોબી, (૪) શ્રીમતી સુશીલાબેન એ. શાહ–અમેરિકા, (૫) શ્રી બાબુલાલ નાનજી શાહ–ઘાટકોપર, (૬) શ્રીમતી રળીયાતબહેન રાયચંદ શાહ–નાઈરોબી, તથા પ્રતિષ્ઠાદિન-સ્વામીવાત્સલ્ય(જમણ) (૭) શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર પરિવાર, રાજકોટ.

**જિનબિંબ પ્રતિષ્ઠા :**—(૧) મૂળનાયક શ્રી આદિનાથ ભગવાન (૪૧" પદ્માસન)–નિર્માણમૂલ્ય : શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર; પ્રતિષ્ઠા : રળિયાતબહેન રાયચંદ શાહ નાઈરોબી; (૨) શ્રી મહાવીર ભગવાન–નિર્માણમૂલ્ય : શ્રીમતી વાસંતીબહેન ગુણવંતભાઈ ભાયાણી; પ્રતિષ્ઠા : શ્રી હસમુખલાલ મગનલાલ શાહ–અમેરિકા; (૩) શ્રી સીમંધર ભગવાન–નિર્માણમુલ્ય તથા પ્રતિષ્ઠા : શ્રી રસિકલાલ જગજીવનદાસ શાહ પરિવાર, સુરેન્દ્રનગર; (૪) શ્રી નેમિનાથ ભગવાન–નિર્માણમુલ્ય : બ્ર. કુંદનબહેન પારેખ; પ્રતિષ્ઠા : શ્રી ગિરીશભાઈ ચંદ્રકાન્ત દોશી–પાર્લા; (૫) શ્રી બાહુબલી ભગવાન–નિર્માણમૂલ્ય તથા પ્રતિષ્ઠા : શ્રી રસિકલાલ અમરચંદ ડગલી પરિવાર, ઘાટકોપર; (૬) શ્રી સિદ્ધ ભગવાન–નિર્માણમૂલ્ય : શ્રીમતી મધુબહેન દંતાણી, બોરીવલી; પ્રતિષ્ઠા : શ્રીમતી શારદાબેન શાંતિલાલ શાહ પરિવાર મુંબઈ હ. નેમીશભાઈ તથા કેતનભાઈ

**નંદીશ્વર જિનાલય :** (૧) અંજનગિરિ (પૂર્વ દિશા)–નિર્માણ તથા પ્રતિષ્ઠા, પહાડ, મંદિર, ધ્વજા તથા કળશ—શ્રીમતી અનુબેન કાંતિલાલ શેઠ, હ. વિજયભાઈ શેઠ; (૨) અંજનગિરિ (પશ્ચિમ દિશા)–નિર્માણ તથા પ્રતિષ્ઠા, પહાડ, મંદિર, ધ્વજા તથા કળશ—શ્રી આણંદલાલ નાનાલાલ જસાણી હ. નિરંજનભાઈ, સિદ્ધાર્થભાઈ, વિદેહાબહેન; (૩) અંજનગિરિ (ઉત્તર દિશા)–નિર્માણ પ્રતિષ્ઠા–ડૉ. પ્રવીણભાઈ દિનકરભાઈ દોશી; ધ્વજા તથા કળશ—ડૉ. હેતલબહેન; (૪) અંજનગિરિ (દક્ષિણ દિશા)–નિર્માણ પ્રતિષ્ઠા, પહાડ, મંદિર, ધ્વજા તથા કળશ—શ્રી બાબુભાઈ નાનજીભાઈ શાહ પરિવાર મુંબઈ હ. અનિલભાઈ તથા જિનેન્દ્રભાઈ.

તદુપરાંત દધિમુખ તથા રતિકર પર્વતોના ભગવંતોના નિર્માણ મૂલ્ય તથા પ્રતિષ્ઠા કરાવવાનો લાભ પણ ઘણા મુમુક્ષુઓને મળ્યો હતો.

## ગુરુપ્રતિકૃતિ સંસ્થાપન તથા ચિત્રપટ નિર્માણમૂલ્ય તેમ જ અનાવરણ

ચિત્રપટો : (૧) પૂ. ગુરુદેવશ્રીની પ્રતિકૃતિ (સ્ટેચ્યુ) :–નિર્માણમુલ્ય : શ્રી ધીરુભાઈ સપાણી– પરિવાર; અનાવરણ : રાકેશ પોપટલાલ શાહ–અમેરિકા; (૨) ભગવાન કુંદકુંદાચાર્યદેવ :–નિર્માણ મૂલ્ય શ્રી સમીર હસમુખલાલ શાહ અમેરિકા; અનાવરણ : શ્રી કિરીટભાઈ શાહ–પાર્લા; (૩) ભગવાન અમૃતચંદ્રાચાર્ય :–નિર્માણમૂલ્ય તથા અનાવરણ : શ્રીમતી પ્રભાબહેન રમણીકલાલ દોશી; (૪) પૂ. ભગવતીમાતા બહેનશ્રી ચંપાબહેન : નિર્માણમૂલ્ય શ્રીમતી સ્મિતા સિદ્ધાર્થભાઈ શાહ અમેરિકા; અનાવરણ : શ્રી રૂપચંદજી જૈન, મદ્રાસ; (૫) સુવર્ણપુરી (સોનગઢ) તીર્થધામ :– નિર્માણમૂલ્ય તથા અનાવરણ : શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર પરિવાર–રાજકોટ.

## જિનવાણી સ્થાપના

(૧) શ્રી સમયસારજી : શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા; (૨) શ્રી સમયસારજી શ્રી હિંમતલાલ વાલજીભાઈ ડગલી; (૩) શ્રી પ્રવચનસાર : શ્રી મનુભાઈ પાનાચંદ કામદાર–વડોદરા; (૪) શ્રી નિયમસાર : શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર; (૫) શ્રી પંચાસ્તિકાય : શ્રીમતી વાસંતીબહેન ગુણવંતભાઈ ભાયાણી; (૬) શ્રી અષ્ટપાહુડ : શ્રી જયંતિભાઈ દોશી હ. અક્ષયભાઈ, જયેશભાઈ બોરીવલી; (૭) પૂ. ગુરુદેવશ્રીના વચનામૃત : શ્રીમતી શારદાબહેન શાંતિલાલ શાહ; (૮) બહેનશ્રીના વચનામૃત : શ્રીમતી પુષ્પાબહેન મનસુખભાઈ દોશી; (૯) બહેનશ્રીનો જ્ઞાનવૈભવ : શ્રી વિપુલભાઈ શાંતિલાલ મોદી.

મંદિરનો કલશારોહણ : નિર્માણ : (૧) શ્રી ચંપકભાઈ સંઘવી (૨) ડૉ. પારૂલબહેન કામદાર; પ્રતિષ્ઠા : (૧) શ્રીમતી કસ્તૂરબહેન માલદે, હ. બટુકભાઈ–નાઈરોબી.

મંદિર શિખર ધ્વજ : નિર્માણ : શ્રી મનહરલાલ ઉજમશી શાહ; પ્રતિષ્ઠા : શ્રી નગીનભાઈ અજમેરા, મલાડ

અહો ! અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વાનુભવપ્રમુખ અધ્યાત્મવિદ્યાના લોકોત્તર યુગનું મંગલ પ્રવર્તન તો કર્યું જ, એ ઉપરાંત સાધકને ભૂમિકાના અનુરૂપ આવવાવાળી વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની અપાર મહિમા પણ સુચારુ સમજાવી છે.

અહો ! જયવંત વર્તો શ્રી જિનબિં-પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવ ! જયવંત વર્તો પૂજ્ય કહાનગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તથા તેઓ બંનેનો શ્રેયોવર્ધક મંગલકારી પ્રભાવના-ઉદય !

## આત્મધર્મ-વાર્ષિક શુલ્ક

આ જૂન માસથી આપનું આત્મધર્મનું વાર્ષિક લવાજમ પુરું થાય છે. આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઈચ્છતા હો તો કૃપા કરી વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ તાત્કાલિક મોકલશો. જો આપ આજીવન સ્થાયી ગ્રાહક બનવા ઈચ્છતા હો તો રૂા. ૧૦૧=૦૦ મોકલવા વિનંતી.

શ્રી ઉપનગર દિ. જૈન મુમુક્ષુમંડળ, મલાડના સૌજન્યથી અધ્યાત્મતીર્થ
શ્રી સુવર્ણપુરીમાં વિવિધ અદ્‌ભુતતાયુક્ત અત્યાનંદોલ્લાસથી ઉજવાયેલ

# ૧૧૭મો શ્રી કહાનગુરુ-જન્મમહોત્સવ

## ધન્ય! વૈશાખી બીજ

અહો! ભવોદધિ તારણહાર પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના મંગલ જન્મોત્સવની, ગુરુભક્તિની અનેક આશ્ચર્યકારી અદ્‌ભુતતા સહિત વ્યક્ત કરવામાં આવેલ આનંદદાયી મહિમા શું કહી શકાય! જૈનજગતમાં જે મહત્વ તીર્થંકરોના જન્મકલ્યાણકનું છે, ખરેખર એવું જ મહત્ત્વ મુમુક્ષુજગતમાં આપણા તીર્થંકરોપમ-તારણહાર, સ્વાનુભૂતિ-માર્ગોદ્યોતક, પરમોપકારી પૂજ્ય કહાનગુરુદેવના વાર્ષિક મંગલ જન્મદિવસનું છે. વૈશાખ સુદ બીજને, આવા અસાધારણ મહાપુરુષને જન્મ આપીને, વસ્તુતઃ ઐતિહાસિક યાદગાર ધન્યતા ઉપલબ્ધ થઈ ગઈ!

## પંચાહ્નિક આયોજન તથા ઉત્સાહ

ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામીની દિવ્યધ્વનિથી પ્રસૂત તથા ભગવત્‌કુંદકુંદાચાર્યદેવ દ્વારા પ્રવાહિત સ્વાનુભવમુદ્રિત વિશુદ્ધ અધ્યાત્મધારાના સાતિશય પ્રભાવક અધ્યાત્મયુગસ્રષ્ટા ધર્મપુરુષ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૧૭મો ભક્તવૃંદઆનંદકારી વાર્ષિક મંગલ જન્મોત્સવ, તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સ્વાનુભૂતિતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૫-૪-૨૦૦૬ થી તા. ૨૯-૪-૨૦૦૬ સુધી પંચાહ્નિક, ગુરુમહિમાદ્યોતક વિભિન્ન રોચક કાર્યક્રમ સહ અતિ ભવ્ય સમારોહપૂર્વક પ્રચુર આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવ્યો હતો. આ મંગલ મહોત્સવના આયોજક શ્રી ઉપનગર દિગંબર જૈન મુમુક્ષુમંડળ મલાડના આબાલ-વૃદ્ધ સર્વે સદસ્યોને આ ગુરુ-જન્મોત્સવને અતિશય આનંદોલ્લાસપૂર્વક ઊજવવાનો અતિઉત્સાહ હતો.

## સમવસરણ-વિધાન પૂજા

વિધાનપૂજાના ભવ્ય કાર્યક્રમ માટે સ્વાધ્યાયમંદિરના ઉગમણા પટાંગણમાં અતિ ભવ્ય મંડપ બનાવવામાં આવ્યો હતો. તેમાં વહાલા વિદેહીનાથ શ્રી સીમંધરભગવાનના વિશાલ સમવસરણની અતિભવ્ય રચના કરવામાં આવી હતી. તેમાં શ્રી કુંદકુંદાચાર્ય તેમ જ વિદેહના રાજકુમાર (ગુરુદેવનો ગત પૂર્વભવ) તથા શ્રેષ્ઠિપુત્ર શ્રી દેવકુમાર (પૂજ્ય બહેનશ્રીનો ગત પૂર્વભવ) ઉપસ્થિત બતાવવામાં આવ્યા હતા. શ્રી સમવસરણવિધાનપૂજા વખતે, મુમુક્ષુઓને જાણે કે આપણે સૌ સાક્ષાત્ સીમંધરભગવાનના સમવસરણમાં, (રાજકુમાર અને દેવકુમાર સાથે,) પૂજા કરી રહ્યા છીએ એવી આનંદોલ્લાસભીની અનુભૂતિ થતી હતી. આ અપૂર્વ કાર્યક્રમ વિશિષ્ટ ભવ્યતાપૂર્ણ અને અતીવ રોચક અનુભૂત થતો હતો.

પ્રવચન, પ્રાસંગિક ભક્તિ, સાંજી (સાયં) ભક્તિ બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા વગેરે કાર્યક્રમ માટે સ્વાધ્યાયમંદિરના પશ્ચિમી પટાંગણમાં બીજો વિશાળ ભવ્ય મંડપ પણ બનાવવામાં આવ્યો હતો. ઉત્સવ-પરિસરનું પ્રવેશદ્વાર બે હાથીઓથી વિશેષ શોભતું હતું.

## ગુરુ-ભક્તિની પ્રેરણાદાત્રી

સ્વાનુભૂતિવિભૂષિત વીતરાગમાર્ગના દાતા, પરમોપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ પ્રતિ ઉપકૃતભાવભીના ભક્ત્યુલ્લાસના આ મંગલ અવસર પર, કહાનગુરુ-ઉપકારમહિમા બતાવનાર પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ઉપકૃતભાવભીની પવિત્ર સ્મૃતિ સર્વે મુમુક્ષુઓને પોતાના સ્મૃતિપટ પર બરાબર ઉપસી આવતી હતી. જાણે સુવર્ણપુરીના અંતરીક્ષમાં તેઓની પરોક્ષ મંગલ ઉપસ્થિતિ જ મુમુક્ષુ ભક્તોને ગુરુભક્તિની સાતિશય ઉલ્લાસભરી પ્રેરણા આપતી હતી. ઉપરોક્ત મુમુક્ષુમંડળ દ્વારા આયોજિત આ પવિત્ર જન્મજયંતી-સમારોહમાં સર્વે મુમુક્ષુસમાજે તે કલ્યાણી મૂર્તિની ભક્તિપ્રેરણા ઝીલીને આ ૧૧૭મો ગુરુ જન્મોત્સવ અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઊજવ્યો.

## ધર્મપ્રભાવનાપૂર્ણ આયોજન

ગુરુ–જન્મોત્સવની આ પવિત્ર વેળાએ દેશવિદેશથી લગભગ ૩૦૦૦ થી અધિક ગુરુભક્ત આવ્યા હતા. પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય ભગવતી માતા પ્રતિ સમર્પિત શ્રદ્ધાજીવનયુક્ત મુમુક્ષુઓ દ્વારા, આપણા આદરણીય, ઊંડા આદર્શ આત્માર્થી, કુંદકુંદ-પરમાગમ-સફળ-ગદ્યપદ્યાનુવાદક, ગુરુભક્ત પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જેઠાલાલ શાહની ગુરુભક્તિભીની ઉલ્લાસવર્ધિની કલ્યાણી પંચ-પરમાગમ–ગુર્જરઅનુવાદરૂપ–ઉપકારછાયામાં ઉજવાયેલ આ ગુરુ–જન્મોત્સવ વસ્તુતઃ સર્વેને ધર્મપ્રભાવના વૃદ્ધિકારી તથા આનંદદાયી અનુભૂત થયો.

## આયોજકની ઉલ્લાસભીની કાર્યતત્પરતા

જેમના સૌજન્યથી આ મંગલ જન્મોત્સવ સુસંપન્ન થયો તે ઉપર્યુક્ત મુમુક્ષુમંડળના સર્વે સદસ્યોના મહાન સૌભાગ્યથી સમ્પ્રાપ્ત આ ગુરુ–જન્મોત્સવ ઊજવવાનો એટલો અધિક આનંદોલ્લાસ હતો કે તેઓએ સ્વયં પ્રસંગોચિત્ત (૧) કહાન-પ્રભાવ, (૨) સ્વર્ણભાનુ, (૩) અંજના સતી, (૪) વધાઈ, (૫) ધર્મવૃદ્ધિ આદિ વિષય પર અનેકવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ,–જે ઘણા જ પ્રશંસનીય હતા–અતિ પરિશ્રમપૂર્વક મહિનાઓ સુધી, ગુરુભક્તિના મધુર ગીત ગાતાં ગાતાં તૈયાર કર્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમની રોચકતા અનુભવતાં પ્રેક્ષક મુમુક્ષુઓ ખૂબ જ પ્રશંસા કરતા હતા તથા સમાગત મહેમાનોની આગતાસ્વાગતા માટે ઉક્ત મંડળના કાર્યકરો સાધર્મીવાત્સલ્યથી પહોંચી જતાં હતાં.

## ઉત્સવનો દૈનિક કાર્યક્રમ

આ મંગલ મહોત્સવમાં પ્રતિદિન ગુરુભક્તિ–પદોથી અંકિત ભવ્ય 'બેનર' તથા વિવિધ ભવ્ય શોભાસાજથી વિભૂષિત મનોહર મંડપમાં ક્રમશઃ સવારે બહેનશ્રીની દેવગુરુભક્તિ તથા સ્વાનુભવ-રસશ્રીની વિડિયો-ધર્મચર્ચા, જિનેન્દ્ર–દર્શનપૂજા, સમવસરણ-મંડપમાં 'સીમંધર-ચતુર્જિનપ્રતિમા સમક્ષ સમવસરણ-વિધાનપૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનાં યોગસાર પર અધ્યાત્મ–રસપૂર્ણ સીડીપ્રવચન, પ્રાસંગિક–ગુરુભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ; બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શ્રી પ્રવચનસાર તથા 'ગુરુદેવશ્રીનાં વચનામૃત' પર શાસ્ત્ર પ્રવચન, પરમાગમ મંદિરમાં જિનેન્દ્રભક્તિ, (એક દિવસ સમવસરણમંડપમાં ભક્તિ તેમ જ સાંજે રાખવામાં આવી હતી.) ધાર્મિક શિક્ષણવર્ગ, સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન, તથા

વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ.–આ પ્રક્રમ બરાબર નિયમિત સુચારું ચાલતો હતો. વિધાન પૂજા, પ્રવચન તથા ભક્તિના પ્રત્યેક કાર્યક્રમમાં મુમુક્ષુઓની ઉપસ્થિતિથી જગા પુરી ભરાઈ જતી હતી.

## ભવ્ય રથોત્સવ તથા કહાનકુંવર–પારણાઝૂલન

વાર્ષિક ગુરુ–જન્મોત્સવના હર્ષોપલક્ષમાં તા. ૨૮-૪-૨૦૦૬ના દિવસે સાંજે 'ધાતકી–વિદેહના ભાવિ–તીર્થંકરદેવ'ના સમવસરણ–વિહારરૂપ ભવ્ય રથોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. નવનિર્મિત ભવ્ય રથની ગંધકૂટી પર બિરાજમાન ભાવિ–ભગવાનનો સમવસરણવિહાર સર્વે ભક્તોને અતિ આનંદપ્રદ અનુભૂત થતો હતો. રથયાત્રામાં વિભિન્ન અનેક ભવ્ય સાજ તથા વાજા સાથે 'કહાનકુંવરના પારણાઝુલન' નો અતિ મનોહર ફ્લોટ બધાનું ગુરુભક્તિભીનું ચિત્ત પોતાની તરફ કેન્દ્રિત કરતો હતો (પારણાઝૂલનની બોલીનું સૌભાગ્ય શ્રી ગિરધરલાલ ઠાકરશી મોદી-પરિવારને સંપન્ન થયું હતું.) આ મંગલ રથોત્સવની ભવ્યતા જોઈને ઈતર ગ્રામજનતા પૂજ્ય ગુરુદેવશ્રીની અસાધારણ મહિમાનું સ્મરણ કરતી હતી. બ્રહ્મચારિણી બહેનોએ મહિલા વિભાગમાં તથા ભજનમંડળીએ પુરુષ વિભાગમાં મધુરા સંગીત દ્વારા રથોત્સવનું વાતાવરણ ભક્તિમય તથા અત્યંત રોચક બનાવી દીધું હતું.

આ મંગલ અવસર પર શાસ્ત્ર પ્રવચન સર્વશ્રી બ્ર. વ્રજલાલભાઈ, નિરંજનભાઈ (સુરત), હિંમતભાઈ ડગલી, રમેશભાઈ (સલાલ), બ્ર. ચંદુભાઈ ઝોબાલિયા તથા અધ્યાપનકાર્ય સર્વશ્રી બ્ર૦. ચંદુભાઈ ઝોબાળિયા, ડૉ. પ્રવીણભાઈ, રમેશભાઈ (સલાલ), રાજુભાઈ કામદાર (રાજકોટ) તથા સુભાષભાઈ શેઠ ગુરુમહિમાપૂર્ણ સુંદર શૈલીથી કર્યું હતું. બહેનોમાં બ્ર૦. આશાબેન (ખંડવા) તથા બાળકોમાં બ્ર૦. કોકિલાબેન ખારાએ શિક્ષણ આપ્યું હતું.

## ગુરુ-જન્મોત્સવ : વૈશાખી બીજ
## સભામંડપની શોભા તથા બીજનો કાર્યક્રમ

ગુરુ-જન્મ જયંતીના વાર્ષિક મંગલ દિવસે, મનોહર દ્રશ્યોથી વિભૂષિત સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીની તખ્તાસીન વિશાળ ભવ્ય પ્રતિકૃતિ (સ્ટેચ્યું) સમક્ષ ક્રમશઃ પ્રાતઃદર્શન, સદ્ગુરુદેવસ્તુતિ તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રતિ પ્રણિપાત-સ્તુતિ, પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીનું વિડિયો-'માંગલિક', બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા, પ્રાસંગિક ભક્તિ તથા વંદના, સમવસરણમંડપમાં શ્રી સમવસરણ-વિધાનપૂજા' તથા તેનું સમાપન, સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન; તત્પશ્ચાત્ ગીત તથા જયકારપૂર્વક, સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું (પ્રતિકૃતિના રૂપમાં) વિમાન દ્વારા મંગલ પદાર્પણ, પૂજ્ય બહેનશ્રીએ કરેલી ગુરુજન્મવધાઈ તથા ગુરુભક્તિના વિડિયો દ્વારા દર્શન, તથા સ્વર્ણઓમથી ગુરુ-જન્મવધાઈ; બપોરે શાસ્ત્રપ્રવચન, દેવગુરુભક્તિ; સાંજે જિનેન્દ્ર આરતી, પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન, તીર્થયાત્રા-વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન, બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા અને અંતમાં ધર્મવૃદ્ધિ સાંસ્કૃતિક કાર્યક્રમ. ઉત્સવમાં મળેલ ગુરુદર્શન તથા બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચાથી સમાગત મહેમાનોને અત્યંત આનંદાનુભૂતિ થતી હતી.

★ (૧) આજના મંગલ દિવસે શ્રી સુરત દિ૦ જૈન મુમુક્ષુમંડળે તેમના તરફથી સુવર્ણપુરીમાં આયોજનાધીન આગામી ૧૧૮મી શ્રી કહાનગુરુ-જન્મજયંતી મહોત્સવ પ્રસંગે દેશવિદેશના સમસ્ત

મુમુક્ષુઓને પધારવા માટે ખૂબ ભાવભીનું આમંત્રણ આપવામાં આવ્યું હતું. (૨) શ્રી કુંદકુંદ-કહાન દિ૦ જૈન મુમુક્ષુમંડળ ટ્રસ્ટના મહાનુભાવોએ તેમના ટ્રસ્ટ તરફથી ઊજવવામાં આવનાર પૂજ્ય બહેનશ્રીની આગામી ૭૫મી સમ્યક્ત્વજયંતી પ્રસંગે પધારવા માટે બધાં મુમુક્ષુમંડળોને ખૂબ જ ઉલ્લાસપૂર્ણ ભાવોથી નિમંત્રણ આપવામાં આવ્યું હતું તથા પરમોપકારી પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની આગામી ૯૩મી જન્મજયંતીનો મંગલ મહોત્સવ, જે આંતરરાષ્ટ્રીય દિ૦ જૈન મહિલા મુમુક્ષુમંડળ (શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત) તરફથી સાતિશય અસાધારણ ઉલ્લાસ તેમ જ ભક્તિથી ઊજવવામાં આવનાર છે, તે ભવ્ય મંગલ પ્રસંગે દેશવિદેશના સમસ્ત મુમુક્ષુ ભાઈબહેનોને અચૂક પધારવા માટે ખૂબ જ ઉલ્લાસથી જોરદાર નિમંત્રણ આપવામાં આવ્યું હતું.

★ આંતરરાષ્ટ્રીય દિ૦ જૈન મહિમા મુમુક્ષુમંડળ તરફથી ઊજવવામાં આવનાર આ ભવ્ય મહોત્સવની નિમંત્રણપત્રિકાની લેખન તેમ જ પ્રેષણ વિધિ સોનગઢમાં તા. ૯-૭-૨૦૦૬, રવિવારના દિવસે રાખવામાં આવી છે. તે ભવ્ય નિમંત્રણ પત્રિકાની સ્વાગત-શોભાયાત્રા ટ્રસ્ટના ટ્રસ્ટી તેમ જ મહામંત્રી શ્રી ચીમનલાલ ઠાકરશી મોદીના નિવાસસ્થાનથી શરૂ થઈ વાજતે ગાજતે, મંગલ ગીતો ગાતાં ગાતાં સ્વાધ્યાયમંદિર આવશે.

સ્થાયી મંડલ વિધાન પૂજા : આ મંગલ અવસર પર સ્થાયી મંડલવિધાનપૂજા ૧૦૭ મહાનુભાવો તરફથી તથા પ્રાસંગિક મંડલવિધાનપૂજા ૮ મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

પ્રસ્તુત કહાનગુરુ-જન્મોત્સવના પાંચે દિવસ સમાગત મહેમાનો માટે તથા સ્થાનીય મુમુક્ષુમંડલ માટે સવારે તથા સાંજે જમણ (–સ્વામીવાત્સલ્ય) જન્મોત્સવ-આયોજક શ્રી ઉપનગર દિગંબર જૈન મુમુક્ષુમંડળ મલાડ તરફથી તથા સ્થાયી જમણ ૬ મહાનુભાવો તરફથી રાખવામાં આવ્યું હતું.

સોનગઢથી પ્રકાશિત ધાર્મિક સાહિત્યમાં કુલ ૫૦ ટકા ડિસકાઉન્ટ વિભિન્ન ૩ મહાનુભાવો તરફથી રાખવામાં આવેલું.

આ મંગલ અવસર પર સંસ્થાને નીચે પ્રમાણે કુલ રૂા. ૧૬,૭૯,૬૧૬=૦૦ની ઉપજ થઈ હતી—

| | | |
|---|---|---|
| ૧. | ૧૧૭ના અંકમાં ૧૧૭×૧૮૧૧ | ૨,૧૧,૮૮૭=૦૦ |
| ૨ | પ્રાસંગિક વિધાનપૂજા ૮×૧૦૦૧ | ૮,૦૦૮=૦૦ |
| ૩. | રથયાત્રામાં બોલી | ૭,૬૭,૦૧૧=૦૦ |
| ૪. | રૂા. ૧૦૦૧ની વધાઈ ૧૦૦૧×૧૮ | ૧૮,૦૧૮=૦૦ |
| ૫. | રૂા. ૫૦૧ની વધાઈ ૫૦૧×૮૮૧ | ૪,૪૧,૩૮૧=૦૦ |
| ૬. | જિનેન્દ્ર-આરતીમાં | ૨૨,૨૭૧=૦૦ |
| ૭. | રથયાત્રા, પારણાઝુલન તથા જન્મવધાઈ સ્ટેજ પર | ૮૧,૪૦૯=૦૦ |
| ૮. | ગુપ્ત ભંડાર | ૧,૨૯,૬૩૧=૦૦ |
| | | કુલ રૂા. ૧૬,૭૯,૬૧૬=૦૦ |

તદ્ઉપરાંત મહોત્સવનો બધો ખર્ચ આયોજક શ્રી ઉપનગર દિગંબર જૈન મુમુક્ષુમંડળ મલાડ તરફથી આપવામાં આવ્યો હતો.

## પંચાહ્નિક ઉપકાર-સ્મૃતિ

ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સત્તરમી સાવત્સરિક ઉપકાર-સ્મૃતિતિથિ (સમાધિતિથિ), તા. ૧૨-૫-૨૦૦૬ થી તા. ૧૬-૫-૨૦૦૬ (વૈશાખવદ ૩) સુધી —પાંચ દિવસ, સુવર્ણપુરીમાં તેઓના જ્ઞાન, વૈરાગ્ય, સ્વરૂપસાધના, વજ્રોપમ સમ્યક્ પુરુષાર્થ તથા સ્વાનુભૂતિમાર્ગ-પ્રકાશનરૂપ અનેક અપાર ઉપકારોના ભાવભીના સ્મરણપૂર્વક વિરહવેદનના ઉદાસીભર્યા વાતાવરણમાં સાદગીથી રાખવામાં આવી હતી.

❀ ❀ ❀

# Jain Swadhyay Mandir Songadh in USA

Shri Hasmukh Maganlal Shah is now President of Jain Swadhyay Mandir Songadh in USA.

Phone : 727-934-3255 Email : kahanguru@gmail.com

Address : 304 TALL OAK TRAIL<br>TARPON SPRINGS,<br>FLORIDA 34688. USA

## ANNOUNCEMENT

Jain Swadhyay Mandir Songadh In USA will celebrate Gurudev 117th Janma Jayanti with three days Adhyatmik Shibir at Niagara Falls, Canada from 26th May to 28, 2006. An eminent Scholar Rajendra Kamdar will conduct the shibir for three days.

For further information, please contact Samir Shah : 813-649-8979 or Jyotsana V. Shah : 570-287-7457.

*

આ અંક એપ્રિલ-મે-૨૦૦૬ના સંયુક્ત અંક તરીકે પ્રગટ કરવામાં આવેલ છે તથા આગામી અંક જુલાઈ-૨૦૦૬માં પ્રગટ કરવામાં આવશે.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, તથા આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના માર્ગદર્શન-અનુસાર અધ્યાત્મ-જ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

### * સમ્યક્ત્વજયંતી-મહોત્સવ *

નિર્મલ સમ્યક્ત્વથી વિભૂષિત ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૪મો સમ્યક્ત્વજયંતી–મહોત્સવ તા. ૨૦-૩-૨૦૦૬, સોમવારથી તા. ૨૪-૩-૨૦૦૬, શુક્રવાર (ફાગણ વદ-૧૦)—પાંચ દિવસ સુધી શ્રી ઘાટકોપર દિ. જૈન મુમુક્ષુમંડળ ઘાટકોપર દ્વારા અપૂર્વ રીતે અતિ આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવ્યો. આ ઉત્સવમાં પ્રથમ વાર ઘાટકોપર મુમુક્ષુમંડળ દ્વારા સ્વાધ્યાયમંદિરના ઉગમણા ચોકમાં અતિ ભવ્ય મંડપ રચાવી તેમાં ઘાટકોપર મુમુક્ષુ મહિલા મંડળની બહેનો દ્વારા ખૂબ જ રોચક સજાવટ કરવામાં આવી હતી. તથા આ અવસર પર જિનેન્દ્ર ભગવાનની રથયાત્રા, પૂજ્ય ગુરુદેવશ્રીનાં કલ્યાણકારી પ્રવચનો, શ્રી રત્નત્રયમંડલવિધાન પૂજા, પૂજ્ય બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા, સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્ર પ્રવચનો, ધાર્મિક શિક્ષણવર્ગ તથા ઘાટકોપરનાં બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે નિજકલ્યાણના હેતુભૂત વિવિધ કાર્યક્રમો યોજાયા, જે બધાય મુમુક્ષુઓને ખૂબ જ ગમ્યા હતા.

તદુપરાંત આ પ્રસંગે સોનગઢથી છ બસો દ્વારા સમ્યક્ત્વધામ વાંકાનેરની યાત્રાનું આયોજન તા. ૨૪-૩-૨૦૦૬ના રોજ શ્રી ઘાટકોપર દિ. જૈન મુમુક્ષુ મંડળ દ્વારા કરાવામાં આવેલું. જેનો સૌ મુમુક્ષુ સમાજે ખૂબ જ આનંદપૂર્વક લાભ લીધો હતો. આ ઉત્સવમાં ભાગ લેવા માટે પ્રથમ વાર જ દેશવિદેશમાંથી લગભગ ૧૦૦૦ મુમુક્ષુઓ પધાર્યા હતા.

### * માનસ્તંભ-પ્રતિષ્ઠાદિન *

તા. ૮-૪-૨૦૦૬, શનિવારે, સોનગઢમાં શ્રી સીમંધર–માનસ્તંભનો ૫૪મો વાર્ષિક પ્રતિષ્ઠાદિન પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઊજવવામાં આવ્યો હતો.

### * પૂજ્ય બહેનશ્રીનો જાતિસ્મરણજ્ઞાન પ્રાપ્તિ દિવસ *

ચૈત્ર વદ-૮, તા. ૨૧-૪-૨૦૦૬ ને શુક્રવારના રોજ વિશેષ પૂજા-ભક્તિ સહ ઊજવવામાં આવ્યો હતો.

**મંગલ પત્રિકા લેખન :** આંતરરાષ્ટ્રીય મહિલામંડળ દ્વારા ઊજવવામાં આવનાર પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના ૯૩મા મંગલકારી જન્મમહોત્સવની નિમંત્રણપત્રિકા-લેખનનો કાર્યક્રમ તા. ૯-૭-૨૦૦૬, રવિવારના દિવસે રાખવામાં આવેલ છે.

## મહાવીર–જન્મકલ્યાણક તેમ જ
## કહાનગુરુ-અધ્યાત્મતીર્થોદયનું (પરિવર્તનનું) વાર્ષિક પર્વ

ચૈત્ર સુદ-૧૩, મંગળવારના દિવસે શ્રી પરમાગમમંદિરમાં ભગવાન શ્રી મહાવીરસ્વામીની પૂજા પછી 'સ્ટાર ઓફ ઇન્ડિયા' (–પરિવર્તનસ્થળ)માં પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન અને ભક્તિના વિશેષ કાર્યક્રમપૂર્વક અતિ આનન્દોત્સાહપૂર્વક ઊજવવામાં આવ્યું હતું. આ મંગલ અવસરે અમદાવાદ, ભાવનગર, બોટાદ આદિ અનેક ગામોથી અનેક મુમુક્ષુઓ આવ્યા હતા.

❀ તા. ૩૦-૪-૨૦૦૬, શનિવાર (વૈશાખ સુદ ૩)નો દિવસ શ્રી ૠષભદેવ-આહારદાનપર્વ છે અને તા. ૭-૫-૨૦૦૬, રવિવાર, વૈશાખ સુદ ૧૦નો દિવસ શ્રી મહાવીર-કેવલજ્ઞાનકલ્યાણકનો વાર્ષિક ઉત્સવ છે આ બંને ઉત્સવ પૂજાભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઊજવવામાં આવ્યા હતા.

## ❀ પૂજ્ય બહેનશ્રીની પંચાહ્નિક ઉપકારસ્મૃતિ ❀

ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૧૬મી સાંવત્સરિક ઉપકાર-સ્મૃતિતિથિ (સમાધિતિથિ)નિમિત્તે તા. ૧૨-૫-૨૦૦૬, શુક્રવાર થી તા. ૧૬-૫-૨૦૦૬, મંગળવાર (વૈશાખ વદ ૩) સુધી—પાંચ દિવસ, સુવર્ણપુરીમાં તેઓના જ્ઞાન, વૈરાગ્ય, સ્વરૂપસાધના, વજ્રોપમ સમ્યક્ પુરુષાર્થ તેમ જ સ્વાનુભૂતિમાર્ગ-પ્રકાશનરૂપ અનેક અપાર ઉપકારોના ભાવભીના સ્મરણપૂર્વક વિરહવેદનના ઉદાસીભર્યા વાતાવરણમાં સાદગીથી, ધાર્મિક દિવસો રાખવામાં આવ્યા હતાં.

વૈશાખ વદ ૬, ગુરુવાર, તા. ૧૮-૫-૨૦૦૬નો દિવસ સોનગઢના સમવસરણ મંદિરનો ૬૫મો વાર્ષિક પ્રતિષ્ઠા દિન છે અને વદ ૮, શનિવાર, તા. ૨૦-૫-૨૦૦૬નો દિવસ સોનગઢના સ્વાધ્યાય-મંદિરના ઉદ્‌ઘાટનનો તેમ જ તેમાં પરમાગમ શ્રી સમયસારની સ્થાપનાનો ૬૯મો વાર્ષિક દિવસ છે. આ બંને ઉત્સવ પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

**શ્રુતપંચમી-પર્વ :**—જેઠ સુદ ૫, તા. ૧-૬-૨૦૦૬, ગુરુવારનો દિવસ શ્રુતપંચમી પર્વ શ્રી ષટ્‌ખંડાગમ વગેરે જિનવાણીની પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

**આદ્રા નક્ષત્ર :**—તા. ૨૨-૬-૨૦૦૬ (સવારે ૯-૨૩) પ્રારંભ થશે.

શ્રી રળિયાતબેન રાયચંદભાઈ શાહ, નાઈરોબી તરફથી પૂજ્ય ગુરુદેવશ્રી જન્મજયંતી અંકના પ્રકાશન ખાતે આજીવન સ્પોન્સર તરીકે સહયોગ મળેલ છે.

- ❑ શ્રી રૂા. ૧૧૧૧૧=૦૦ સ્વ. ચંદુલાલ શાંતિલાલ શાહના સ્મરણાર્થે હ. નીરૂબેન વિનુભાઈ ભક્ત વાવ, સુરત તરફથી ગુજરાતી આત્મધર્મના આ અંકના પ્રકાશન ખાતે મળેલ છે.
- ❑ શ્રી રૂા. ૧૧૦૦૦=૦૦ ઉપનગર દિગંબર જૈન મુમુક્ષુમંડળ, મલાડ તરફથી ગુજરાતી આત્મધર્મના આ અંકના પ્રકાશન ખાતે મળેલ છે.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ ભગવાન આત્માએ તો જ્ઞાનસ્વરૂપ જ પોતાનામાં ધારણ કરી રાખ્યું છે. ત્રિકાળી જ્ઞાનાત્મક તે હું એમ પર્યાયમાં ભાન થયું, તે પર્યાય સહિત જ્ઞાનાત્મકને આત્મા ધારણ કરે છે. ત્રિકાળી જ્ઞાન ધારણ કરનાર આત્મા તે હું—એમ પર્યાયમાં ભાન થયું છે, તેથી તે પર્યાય સહિતના જ્ઞાનાત્મકને આત્માએ ધારણ કર્યો છે. હું જ્ઞાનાત્મક છું એમ જાણ્યું કોણે? એમ સ્વીકાર કર્યો કોણે? જ્ઞાનની પર્યાયે...જ્ઞાનાત્મક ત્રિકાળ છું, એક છું, પરથી ભિન્ન છું, એકત્વના કારણે શુદ્ધ છું ને શુદ્ધના કારણે ધ્રુવ છું,—એમ જે જ્ઞાનની પર્યાયે સ્વીકાર કર્યો છે તે પર્યાય સહિત અભિન્ન છું; એમ ને એમ ધ્રુવ છું, ધ્રુવ છું—એમ નહીં; પણ પર્યાયમાં આવો સ્વીકાર આવ્યો તેને ધ્રુવ છે..... ૩૭૮.

❀ (દિનપ્રતિદિન બનતાં દેહવિલયના ક્ષણભંગુર પ્રસંગો સાંભળીને વૈરાગ્યભર્યા શબ્દોમાં પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે કે) હે ભાઈ! આ દેહ તો ક્ષણમાં છૂટી જશે. દેહનો સંયોગ તો વિયોગજનિત જ છે. જે સમયે આયુષ્યની સ્થિતિ પૂર્ણ થવાની છે તે સમયે તારા કોટિ ઉપાયો પણ તને બચાવવા સમર્થ નથી. તું લાખ રૂપિયા ખર્ચ કે કરોડ ખર્ચ, ગમે તો વિલાયતનો ડૉક્ટર લાવ, પણ આ બધું છોડીને તારે જવું પડશે. દેહવિલયની આવી નિયત સ્થિતિને જાણીને, તે સ્થિતિ આવી પડે તે પહેલાં જ તું ચેતી જા. તારા આત્માને ૮૪ના ફેરામાંથી બચાવી લે. આંખ મીંચાયા પહેલાં જાગૃત થા. આંખ મીંચાયા પછી ક્યાં જઈશ તેની તને ખબર છે? ત્યાં કોણ તારો ભાવ પૂછનાર હશે?—તો અહીં, લોકો આમ કહેશે ને સમાજ તેમ કહેશે—એવી મોહની ભ્રમજાળમાં ગુંચવાઈને તારા આત્માને શા માટે ગુંગળાવી રહ્યો છે? ૩૭૯.

❀ જીવ ક્યારેય ત્રિકાળી સ્વભાવની સન્મુખ થયો નથી, તેણે ક્યારેય ભૂતાર્થ સ્વભાવની દૃષ્ટિ કરી નથી. ખરેખર તો અજ્ઞાનીને પણ એક સમયની અજ્ઞાનની પર્યાયમાં પણ જ્ઞાયક જણાય છે પણ જ્ઞાયકની દૃષ્ટિ નહીં હોવાથી, પર્યાયદૃષ્ટિ હોવાથી માત્ર પર્યાયને—રાગને જાણવાવાળો રહે છે તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. પર્યાયમાં આખી વસ્તુ જાણવામાં આવે છે, કેમ કે સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે; છતાં અજ્ઞાનીની દૃષ્ટિ સ્વ તરફ નહીં હોવાથી તેની દૃષ્ટિમાં એકલી પર્યાય જ આવે છે. દૃષ્ટિ ત્રિકાળી તરફ ઝૂકેલી નથી ને પર્યાય તરફ ઝૂકેલી છે, પણ જ્યાં દૃષ્ટિ અંતર્મુખ વળે છે ત્યાં દ્રવ્યની શ્રદ્ધા આવી. જોકે શ્રદ્ધાને ખબર નથી કે 'આ દ્રવ્ય છે' પરંતુ શ્રદ્ધાની સાથે જે અનુભૂતિ છે—જ્ઞાન છે તેમાં ખ્યાલ આવે છે કે 'આ દ્રવ્ય છે.' ૩૮૦.

## ક્રમબદ્ધપર્યાયો જે સમયે જે થવાની છે તે જ પ્રમાણે ક્રમથી થશે

દ્રવ્યમાં ક્રમબદ્ધ પર્યાયો જે સમયે જે થવાની છે તે સામાન્યમાં પડી છે તે જ પ્રમાણે ક્રમથી થશે એમ કેવળજ્ઞાનમાં પૂરું જણાય છે. આગળ-પાછળ કે કાંઈ ફેરફાર વિના થશે એમ જણાય છે. આવો નિર્ણય કરવાવાળાને પરમાં કાંઈ કરું એવી કર્તાબુદ્ધિ ઉડી જાય છે અને મારી પર્યાયમાં રાગ કરું એવી બુદ્ધિ પણ છૂટી જાય છે એ તો ઠીક પણ સ્વભાવની પર્યાય કરું એવો વિકલ્પ પણ ઉડી જાય છે.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

કહાન સં. ૨૬ સં. ૨૦૬૨ * [૭૫૦-૭૫૧] * [અંક-૧૦-૧૧ વર્ષ-૬૨] * વીર સં. ૨૫૩૨ એપ્રિલ-મે-૨૦૦૬

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦
સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 244662

BOOK-POST